Saturday, 19 September 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક


गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906



તમારામાં વિશ્વાસ રાખો, તમે કંઈ પણ કરી શકો છો,
આપના જીવનને ધન્ય બનાવો.
- ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૬૯ ● સંવત-૨૦૮૨ ભાદરવા સુદ આઠમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

## દમણ ન.પા.ના તમામ મહિલા કાઉન્સિલરોએ નમો હોસ્પિટલમાં મેમોગ્રાફી, સર્વાઈકલ સ્ક્રીનીંગ અને ઓરલ સ્ક્રીનીંગ કરાવ્યું

### તમામ મહિલા કાઉન્સિલરોએ મહિલા સ્વાસ્થ્ય અને સમયસર રોગ શોધ(Disease detection) માટે શરૂ કરાયેલી મહત્ત્વપૂર્ણ પહેલ માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રશાસિત પ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલનો માનેલો આભાર








(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૧૮

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે, કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવની સેલવાસ અને દમણના મરવડ ખાતેની બંને સરકારી નમો હોસ્પિટલોમાં શરૂ કરાયેલા આરોગ્ય તપાસ અભિયાનના ભાગ રૂપે, આજે, દમણ નગરપાલિકાના અધ્યક્ષા શ્રીમતી દીપિકા બેન ટંડેલના નેતૃત્વ હેઠળ, નગરપાલિકાના તમામ મહિલા કાઉન્સિલરોએ દમણની નમો હોસ્પિટલમાં મેમોગ્રાફી, સર્વાઈકલ સ્ક્રીનીંગ અને ઓરલ સ્ક્રીનીંગ કરાવ્યું હતું.

આ પ્રસંગે, તમામ મહિલા કાઉન્સિલરોએ મહિલા સ્વાસ્થ્ય અને સમયસર રોગ શોધ(Disease detection) માટે શરૂ કરાયેલી આ મહત્ત્વપૂર્ણ પહેલ માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રશાસિત પ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, સંઘપ્રદેશની મહિલાઓ માટે વરદાનરૂપ આ આરોગ્ય સુવિધા પૂરી પાડવા બદલ મહિલા શક્તિ હંમેશા તમારી આભારી રહેશે.

## દિલ્હી ન્યુઝ

### હાઈવે પર પશુઓ દેખાશે તો માલિકે ભરવો પડશે ભારે દંડ

**હાઈવે અને એક્સપ્રેસવે પર જાનવરોને કારણે થનાર દુર્ઘટનાને રોકવા માટે સરકારે એસઓપી જાહેર કરી**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૧૮**

દેશભરના રાષ્ટ્રીય રાજમાર્ગો અને હાઈ સ્પીડ એક્સપ્રેસ વે પર વાહન ચલાવનારે ઘણીવાર એક મોટી સમસ્યાનો સામનો કરવો પડે છે. પૂરપાટ ઝડપે ચાલી રહેલી ગાડીઓની સામે અચાનક રખડતાં પશુઓ આવી જાય છે, જેનાથી રોડ અકસ્માતની સંભાવના વધી જાય છે. પરંતુ હવે રખડતાં પશુઓને કારણે થનાર જીવલેણ અકસ્માત પર લગામ લગાવવાની તૈયારી કરવામાં આવી છે.

હકીકતમાં રોડ પરિવહન મંત્રાલયે આ સ્થિતિને ગંભીરતાથી લીધી છે અને આ પરિસ્થિતિનો સામનો કરવા માટે કડક પગલાં ભર્યાં છે. સરકાર તરફથી એક વિસ્તૃત સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસીઝર (SOP) જારી કરવામાં આવી છે, જેમાં જણાવવામાં આવેલા નિયમો અનુસાર જો કોઈ પોતાના પશુને હાઈવે કે એક્સપ્રેસવે પર છોડે છે તો પશુ માલિકની ઓળખ કરી ભારે દંડ ફટકારવામાં આવશે. કેન્દ્રીય રોડ પરિવહન તથા રાજમાર્ગ મંત્રાલય સુપ્રીમ કોર્ટના નિર્દેશ બાદ આ આદેશ લાવ્યું છે, જેમાં રાષ્ટ્રીય રાજમાર્ગોથી રખડતાં ઢોરને હટાવવા માટે એક મજબૂત વ્યવસ્થા તંત્ર વિકસિત કરવાની વાત કહેવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે રખડતાં પશુઓથી થનારી ઘટના પર સુઓમોટો લીધો હતો. સર્વોચ્ચ ન્યાયાલયના આદેશ બાદ સરકારે આ એસઓપી જારી કરી છે, જેનો ઉદ્દેશ્ય હાઈસ્પીડ રોડને સુરક્ષિત બનાવવાનો છે.

- (વધુ પાના નં. ૨ પર)

## સંઘપ્રદેશ પ્રશાસનની ‘ભાવના સેવા ટ્રસ્ટ’ના સહયોગથી મહિલાઓના કેન્સર સામે બાથ ભીડવાની ઝુંબેશ

### પ્રશાસક પ્રફુલભાઈ પટેલના ધર્મપત્નીના નિધનના માત્ર ત્રણ મહિનાની અંદર ‘ભાવના સેવા ટ્રસ્ટ’ના માધ્યમથી પ્રદેશમાં કેન્સર ડિટેક્શન સેન્ટર ઉભું કરી મહિલાઓ માટે કેન્સર સામે પુરૂં પાડેલું એક રક્ષા કવચઃ ભાવનાબેન પટેલને પણ અમરત્વ

**સં**ઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના ધર્મપત્નીના નિધનના માત્ર ત્રણ મહિનાની અંદર ‘ભાવના સેવા ટ્રસ્ટ’ના માધ્યમથી પ્રદેશમાં કેન્સર ડિટેક્શન સેન્ટર ઉભું કરી મહિલાઓ માટે કેન્સર સામે એક રક્ષા કવચ પુરૂં પાડ્યું છે. શ્રીમતી ભાવનાબેન પટેલની પીડા અને પરિવારને સહન કરવા પડેલી વિયોગની વેદના અન્ય કોઈને વેઠવા નહિ પડે તે માટે કેન્સર ડિટેક્શન સેન્ટર આશીર્વાદરૂપ બનશે. શ્રીમતી ભાવનાબેન પટેલના પરિવાર દ્વારા ગઠિત ‘ભાવના સેવા ટ્રસ્ટ’ દ્વારા શ્રીમતી ભાવનાબેન પટેલને પણ અમરત્વ પ્રાપ્ત થયું છે.

સમયસર નિદાન થયેલા કેન્સરને મોટાભાગના કિસ્સાઓમાં હરાવી શકવું સરળ છે. આ સશક્ત સત્યને કેન્દ્રમાં રાખી દાદરા નગર હવેલી અને દમણ-દીવના આરોગ્ય વિભાગે ‘ભાવના સેવા ટ્રસ્ટ’ના સહયોગથી સમગ્ર પ્રદેશમાં ૩૦ વર્ષ અને તેથી વધુ ઉંમરની દરેક મહિલા માટે એક વ્યાપક અને આરોગ્ય તપાસ અભિયાનનો પ્રારંભ કર્યો છે. આ એક એવું અભિયાન છે જે રોગ




મૂળ પકડે તે પહેલાં જ તેને પકડી પાડવા માટે રચાયેલું છે.

દમણમાં આ અભિયાનનો ઔપચારિક પ્રારંભ કરાવતા પ્રશાસકશ્રીના સલાહકાર શ્રી અંકુર ગર્ગે સ્વાભાવિક રીતે જ જણાવ્યું હતું કે, સેલવાસ અને દમણમાં દરેક યુવતીઓ, મહિલાઓ અને માતાઓ માટે ૧૦૦ ટકા મેમોગ્રાફી સ્ક્રીનિંગ, સર્વાઈકલ સ્ક્રીનિંગ અને ઓરલ કેન્સર સ્ક્રીનિંગ કરાવવાનું શરૂ કર્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રોગના કોઈ લક્ષણ નહિ હોય તો પણ દરેકનું સ્ક્રીનિંગ કરવામાં આવશે જેથી તેને શરૂઆતમાં જ પકડી શકાય. મહિલાઓમાં ૨૬ ટકા કરતા વધુ કેન્સર બ્રેસ્ટ કેન્સરના જોવા મળે છે. આ એવું કેન્સર છે જો તેનું યોગ્ય સમયમાં નિદાન થઈ શકે તો તેની ૧૦૦ ટકા સારવાર સંભવ છે. જો તેનું મોડું ડાયગ્નોસિસ થાય તો બચવાના ચાન્સ બહુ ઓછા રહી જતા હોય છે. આપણાં પ્રશાસકશ્રીની ધર્મપત્નીને આપણે બ્રેસ્ટ કેન્સરના કારણે જ ગુમાવી છે.

**સ્પેશ્યલ કોમેન્ટ**
**-મુકેશ ગોસાવી**

ત્યારબાદ પ્રશાસકશ્રીએ નિર્ણય લીધો કે, આ પ્રકારની આફત કોઈને પણ નહિ આવવા દઈશું. ત્યારબાદ તેમણે ‘ભાવના સેવા ટ્રસ્ટ’ની સ્થાપના કરી છે અને ટ્રસ્ટ, નમો હોસ્પિટલ તથા ડોક્ટરોના સહયોગથી પ્રદેશના કોઈપણ પરિવારને આ પ્રકારની કરૂણાંતિકા ભવિષ્યમાં નહીં સર્જાય તે માટે પ્રયાસ કરવામાં આવશે.

**આજે દમણ નગરપાલિકાના અધ્યક્ષા શ્રીમતી દીપિકાબેન ટંડેલના નેતૃત્વમાં તમામ મહિલા કાઉન્સિલરોએ કેન્સર સ્ક્રીનિંગની સુવિધાનો લાભ લઈ પ્રદેશની અન્ય મહિલાઓને પણ પ્રેરિત કર્યા છે. જિલ્લા પંચાયત અને ગ્રામ પંચાયતોના મહિલા સભ્યોએ પણ આ સુવિધાનો લાભ લઈ સમાજની અન્ય મહિલાઓને પણ પ્રેરણા પુરી પાડવી જરૂરી છે.**

**સંઘપ્રદેશ પ્રશાસન અને ભાવના સેવા ટ્રસ્ટે કરેલી પહેલ ખરેખર ખુબ જ આવકારદાયક છે અને પ્રશાસન દ્વારા આરોગ્યના ક્ષેત્રે રાખવામાં આવી રહેલી તકેદારી પણ કાબિલેતારીફ છે.** પ્રદેશમાં સર્વાઈકલ કેન્સર સામે કિશોરીઓના એચ.પી.વી. રસીકરણ સંદર્ભમાં પણ લોક પ્રતિનિધિઓએ પોતાના વિસ્તારમાં જાગૃતિ પેદા કરી જરૂરિયાતની સમજ પરિવારને આપવી એ સમયનો તકાજો છે.

### એક્સ્ટ્રા કોમેન્ટ

**દમણની નમો હોસ્પિટલ એટલી સુંદર અને અદ્યતન બની છે કે સંભવતઃ વલસાડ જિલ્લા કે દક્ષિણ ગુજરાતમાં આ પ્રકારનું લોકેશન ધરાવતી હોસ્પિટલ નહિ હોય. આ હોસ્પિટલમાં દરેક રોગના નિષ્ણાત તબીબોની સુવિધા યોગ્ય રીતે મળવાની શરૂઆત થશે તો ઘણી ખાનગી હોસ્પિટલોને દર્દી શોધવાના પણ ફાંફાં પડી શકે એવી સંભાવના છે.**

## દમણના રાજભાષા વિભાગ દ્વારા ‘હિન્દી પખવાડિયા’નું સમાપન અને ઈનામ વિતરણ સમારોહ યોજાયો

### દૈનિક વહીવટી કાર્યમાં સરળ, સ્પષ્ટ અને સરળ હિન્દીના ઉપયોગ પર સમારોહના મુખ્ય અતિથિ નિધિએ મુકેલો ભાર

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**દમણ, તા.૧૮**

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ વહીવટીતંત્ર, દમણના રાજભાષા વિભાગ દ્વારા આજે ‘હિન્દી પખવાડા’ સમાપન સમારોહ અને પુરસ્કાર વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેર જીવનમાં ૨૫ વર્ષની સતત સેવાની યાદમાં પ્રદેશમાં આયોજિત ‘સેવા સંકલ્પ અભિયાન’ (૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર, ૨૦૨૬)ના ભાગ રૂપે આ ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. -(વધુ પાના નં.૨ પર)







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
દમણ પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ શ્રી કેતનભાઈ પટેલે પોતાના પરિવાર સાથે દમણના રાજા ગણપતિ બાપાના દર્શન કરી મેળવેલા આશીર્વાદ.

## આજે ભારતીય કોસ્ટ ગાર્ડ, દમણ દ્વારા સંકલિત આંતરરાષ્ટ્રીય દરિયાકાંઠાની સફાઈ ઝુંબેશમાં આશરે ૧,૦૦૦ સ્વયંસેવકો ભાગ લેશે

**‘આંતરરાષ્ટ્રીય દરિયાકાંઠાની સફાઈ ઝુંબેશ’ ૧૯ સપ્ટેમ્બરના રોજ સવારે ૦૭:૦૦ વાગ્યે નમો પથ, દેવકા બીચ, દમણ ખાતે યોજાશે**

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**દમણ, તા.૧૮**

ભારતીય કોસ્ટ ગાર્ડ, દમણ દ્વારા સંકલિત આંતરરાષ્ટ્રીય દરિયાકાંઠાની સફાઈ ઝુંબેશ ૨૦૨૬, ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ યોજાશે. આ ઝુંબેશને વિવિધ કેન્દ્ર અને રાજ્યોના સરકારી વિભાગો, કોર્પોરેટ ક્ષેત્રો અને બિન-સરકારી સંસ્થાઓ દ્વારા સમર્થન આપવામાં આવશે. -(વધુ પાના નં.૨ પર)




## સુવિચાર - સદ્વિચાર

જીવનમાં જે કંઈપણ મળે છે, એ ગુમાવેલા કરતા સારું જ હોય છે.

## કવિતા

### અરીસામાં નહિ, મારી આંખોમાં જો,

અરીસામાં નહિ, મારી આંખોમાં જો,
તું છો એનાં કરતાંયે રૂપાળી છો.
અમે એક પળમાં ગુમાવ્યું હતું!
એ રીતે જ તારું હૃદય તુંયે ખો.

પ્રણયમાં તો ડૂબીને તરવું પડે,
કિનારો તજી દે, નહીં રાખ ભો.

દરદમાં અહીં છે અનોખી મઝા,
તુંયે તારી આંખોને આંસુથી ધો.

તને તો જ ભાષા ઊકલશે હવે,
તુંયે મારી જેમ જ પ્રણયમગ્ન હો.

- વિજય રાજ્યગુરુ

## આજની જોક

સુરતી લાલો પંડિતને કહે : મને સંસ્કૃત શીખવો
પંડિત : એ તો દેવોની ભાષા છે
સુરતી : એટલે તો જ શીખવી પડે ને? મરીને સ્વર્ગમાં ગયો તો?
પંડિત : ને નરકમાં ગયો તો ?
સુરતી : તો ક્યાં વાંધો જ છે? સુરતી તો આવડે જ છે ને?




## કબીર વાણી

**સંપત્ત દેખ ન હરખીયે, વિપત્ત દેખ મત રોય;**
**સંપત્ત હય તહાં વિપત્ત હય, હરિ કરે સો હોય.**

**-અર્થાત-**

ધન અને સંપત્તિ જોઈને ક્યારેય વધુ હર્ષ ન કરવો અને ગરીબાઈ કે મુશ્કેલી જોઈને રડવું નહીં. જ્યાં સંપત્તિ હોય ત્યાં દુઃખ પણ હોય જ છે, કારણ કે બધું ભગવાનની મરજીથી થાય છે.



## ચાણક્ય ઉવાચ

**માતા યસ્ય ગૃહે નાસ્તિ, ભાર્યા ચાપ્રિયવાદિની**
**અરણ્યં તેન ગન્તવ્યં યથારણ્યં તથા ગૃહમ્**

**-અર્થાત-**

જેના ઘરમાં માતા કે પ્રેમાળ પત્ની નથી, તેણે વનમાં જવું જોઈએ કારણ કે તેના માટે ઘર અને વન બંને સમાન છે.

## આજનો દિન વિશેષ

### મેરી એન ગોમ્સ



મેરી એન ગોમ્સ (જન્મ ૧૯ સપ્ટેમ્બર ૧૯૮૯)એક ભારતીય ચેસ ખેલાડી છે. ૨૦૦૮માં FIDE દ્વારા તેમને મહિલા ગ્રાન્ડ માસ્ટર (WGM)નો ખિતાબ એનાયત કરવામાં આવ્યો હતો. તેમણે ૨૦૧૧, ૨૦૧૨ અને ૨૦૧૩માં સતત રાષ્ટ્રીય પ્રીમિયર ચેસ ચેમ્પિયનશિપનું મહિલા સંસ્કરણ જીત્યું હતું.

ગોમ્સનો જન્મ કોલકાતામાં થયો હતો. તેમણે ૧૯૯૯માં અમદાવાદમાં એશિયન યુથ ચેસ ચેમ્પિયનશિપમાં ગર્લ્સ અંડર ૧૦ ટાઇટલ જીત્યું હતું. ૨૦૦૫માં, તેમણે ઉઝબેકિસ્તાનના નામાંગનમાં એશિયન અંડર ૧૬ ગર્લ્સ ચેમ્પિયનશિપ જીતી હતી. તેમણે ૨૦૦૬માં એશિયન જુનિયર (અંડર ૨૦) ગર્લ્સ ચેમ્પિયનશિપ, ૨૦૦૭ અને ૨૦૦૮માં જીતી હતી. ગોમ્સે ૨૦૧૧, ૨૦૧૨ અને ૨૦૧૩માં ત્રણ વખત મહિલા ભારતીય ચેસ ચેમ્પિયનશિપ જીતી હતી. તેણીએ ૨૦૦૬, ૨૦૦૭ અને ૨૦૦૮માં ત્રણ વખત મહિલા એશિયન જુનિયર ચેસ ચેમ્પિયનશિપ પણ જીતી હતી.

## બાળવાર્તા

### બિરબલ હજૂર, હું તમારો સેવક છું



એક વખત અકબર અને બિરબલ શાહી બગીચામાં ફરતા હતા.

અકબર તે દિવસે બહુ ખુશમિજાજ હતો. તેણે રીંગણનો એક છોડ બતાવી કહ્યું;બિરબલ,રીંગણ એક એવી વનસ્પતિ છે કે જે મને ખૂબ જ ગમે છે. મેં તેનો સ્વાદ ક્યારેય લીધો નથી પણ મને એમ લાગે છે કે તે બહુ જ સારો છોડ છે. બિરબલ બોલ્યો; હા,હજૂર. તમારું માનવું બરાબર છે. તે બહુ જ સારી વનસ્પતિ છે.રીંગણના શાકનો સ્વાદ ખૂબ જ સરસ હોય છે અને તે બધાને ગમી જાય તેવી વનસ્પતિ છે. એટલે જ ભગવાને તેને લીલા રંગનો મુગટ પહેરાવ્યો છે. આ વાત પછી થોડા દિવસ પસાર થઈ ગયા. વળી એક દિવસ અકબર અને બિરબલ તે જ શાહી બગીચામાં લટાર મારતા હત અકબર રીંગણના છોડને જોઈને બોલ્યો; બિરબલ, આ છોડ સાવ નકામો છે. મને તેનો રંગ જરા ય ગમતો નથી. મેં તેનો સ્વાદ ક્યારેય લીધો નથી પણ મને લાગે છે કે તેનો સ્વાદ સાવ જ ખરાબ હશે. બિરબલ બોલ્યો; હા,હજૂર. તમે બિલકુલ બરાબર કહો છો. રીંગણ સાવ જ સ્વાદ વગરના હોય છે. એટલે જ તેનું નામે બેંગન(હિન્દી ભાષામાં)બેંગુન*એટલે કે ગૂણ વગરના છે*..તેનામાં કોઈ પૌષ્ટિક ગુણો હોતા નથી.

અકબર એકદમ ગુસ્સે થઈ ગયો અને બોલ્યો;બિરબલ,તું તારા પોતાના વિચારો કેમ નથી જણાવતો? હું બોલું તેમ જ કેમ બોલે છે? થોડા દિવસ પહેલાં તો તુ એમ કહેતો હતો કે રીંગણ બહુ સારો છોડ છે. અને આજે કહે છે તે ખરાબ છોડ છે.આમ કેમ બિરબલ ખૂબ જ નમ્રતાથી બોલ્યો; હજૂર,હું તમારો સેવક છું. તમે મારા માલિક છો. તમને ખુશ કરવા તે મારો ધર્મ છે. તમને ખુશ રાખું તો તમે મારી કદર કરશો.રીંગણના છોડને ખુશ રાખવાથી મને કોઈ ફાયદો થવાનો નથી. રીંગણનો છોડ મારો માલિક નથી. અકબર બિરબલના જવાબથી ખુશ થઈ ગયો. તેની નીડરતા,ચતુરાઈ અને હાજર જવાબીપણું જોઈ તેને આનંદ થયો. તેણે બિરબલને પોતાના ગળામાંથી હાર કાઢી ઈનામમાં આપ્યો.

# ‘માય ભારત’ દ્વારા પ્રધાનમંત્રીના જન્મદિવસે દમણમાં ‘વિકસિત ભારત યુવા કનેક્ટ’ કાર્યક્રમ યોજાયો








**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૮**

‘મેરા યુવા ભારત (માય ભારત)’, દમણ દ્વારા ૧૭મી સપ્ટેમ્બરના રોજ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે ‘વિકસિત ભારત યુવા કનેક્ટ’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોની ભાગીદારી, રાષ્ટ્રનિર્માણ અને નશા મુક્ત ભારતના વિઝન પર કેન્દ્રિત હતો.

આ કાર્યક્રમમાં લગભગ ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓની ઉત્સાહપૂર્વક ભાગીદારી જોવા મળી હતી. આ પહેલના ભાગ રૂપે, વિદ્યાર્થીઓએ નશા મુક્ત ભારત પ્રતિજ્ઞા લીધી હતી, જેમાં માદક દ્રવ્યોના દુરુપયોગથી દૂર રહેવા અને સ્વસ્થ, જવાબદાર અને ડ્રગ્સ મુક્ત સમાજના નિર્માણમાં યોગદાન આપવાની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં વિકસિત ભારત માટે ‘નશા મુક્ત યુવા’ના નિર્માણમાં યુવાનોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો અને વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક સંસ્થાઓ, પરિવારો અને સમુદાયોમાં સકારાત્મક પરિવર્તનના રાજદૂત બનવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ વાતચીત દરમિયાન, વિદ્યાર્થીઓને વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ (VBYLD) ૨૦૨૭ વિશે પણ માહિતી આપવામાં આવી હતી અને MY Bharat પ્લેટફોર્મ દ્વારા ચાલી રહેલા VBYLD ક્વિઝમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ પહેલ યુવાનોને તેમના જ્ઞાન, નેતૃત્વ ક્ષમતા અને નવીન વિચારસરણી દર્શાવવા અને ‘વિકસિત ભારત@૨૦૪૭’ના વિઝન તરફ તેમના વિચારોનું યોગદાન આપવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે.

વિદ્યાર્થીઓને VBYLD પ્રક્રિયા દ્વારા તેમના વિચારો, આકાંક્ષાઓ અને પ્રગતિ વ્યક્ત કરવા માટે આવા રાષ્ટ્રીય પ્લેટફોર્મનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા, જે આશાસ્પદ યુવા નેતાઓને દેશની વિકાસ યાત્રામાં યોગદાન આપવાની તકો સાથે જોડવાનો પ્રયાસ કરે છે.આ કાર્યક્રમ યુવા નેતૃત્વ અને જન ભાગીદારીની ભાવનાને પ્રતિબિંબિત કરે છે, જે વિદ્યાર્થીઓને સ્વસ્થ, સશક્ત અને વિકસિત ભારત બનાવવા માટે સક્રિય ભૂમિકા ભજવવા પ્રેરણા આપે છે.ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના યુવા બાબતો વિભાગની પહેલ, માય ભારત, યુવા નાગરિકોને નેતૃત્વ, સ્વયંસેવા, અનુભવલક્ષી શિક્ષણ અને રાષ્ટ્ર નિર્માણ પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની તકો પૂરી પાડવાનું ચાલુ રાખે છે.

# દાનહના સુરંગીમાં સરપંચ સંજયભાઈ રાઉતના નેતૃત્વમાં ૧૦૦૧ દીપ પ્રજ્વલિત કરી વિશેષ મહાઆરતી

**સુરંગીમાં આરોગ્ય, શિક્ષણ, રસ્તા, માળખાગત સુવિધાઓ અને જનસુવિધાઓ સાથે જોડાયેલા વિકાસ કાર્યોને પ્રાથમિકતા આપવામાં આવી : સંજયભાઈ રાઉત**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૮**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૬માં જન્મદિવસ નિમિત્તે સુરંગીમાં ઉત્સાહ અને શ્રદ્ધાભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું. આ પ્રસંગે સુરંગી સ્થિત શ્રી તારકેશ્વર મહાદેવ મંદિર ખાતે વિશેષ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.





સુરંગી ગ્રામ પંચાયતના સરપંચ શ્રી સંજયભાઈ રાઉતના નેતૃત્વમાં પંચાયત ટીમ તથા મોટી સંખ્યામાં ગ્રામજનોની ઉપસ્થિતિમાં મંદિર પરિસરમાં ૧૦૦૧ દીપ પ્રજ્વલિત કરવામાં આવ્યા હતા. ૧૦૦૧ દીપોની રોશનીથી સમગ્ર મંદિર પરિસર ઝળહળી ઉઠ્યું હતું અને ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું.

દીપ પ્રજ્વલન બાદ ભગવાન શ્રી તારકેશ્વર મહાદેવની વિશેષ મહાઆરતી કરવામાં આવી હતી. મહાઆરતીમાં ઉપસ્થિત શ્રદ્ધાળુઓએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ઉત્તમ સ્વાસ્થ્ય, દીર્ઘાયુ અને સુખમય જીવન માટે ભગવાન મહાદેવને પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં સુરંગીવાસીઓ જોડાયા હતા.

આ અવસરે સરપંચ શ્રી સંજયભાઈ રાઉતે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને ૭૬મા જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી અને તેમના ઉત્તમ સ્વાસ્થ્ય તથા દીર્ઘાયુંની કામના કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રીના માર્ગદર્શન અને સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના નેતૃત્વ હેઠળ વિસ્તારમાં વિવિધ વિકાસ કાર્યોને ગતિ મળી રહી છે.

સરપંચે વધુમાં જણાવ્યું હતું કે, વિસ્તારમાં આરોગ્ય, શિક્ષણ, રસ્તા, માળખાગત સુવિધાઓ અને જનસુવિધાઓ સાથે જોડાયેલા વિકાસ કાર્યોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. તેમણે દેશની સુખ-સમૃદ્ધિ સાથે સુરંગી વિસ્તારમાં સતત વિકાસ થાય તેવી પણ પ્રાર્થના કરી હતી.

૧૦૦૧ દીપોની સામૂહિક જ્યોતિ અને વિશેષ મહાઆરતીના કાર્યક્રમમાં ગ્રામજનોની મોટી સંખ્યામાં હાજરી રહી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન મંદિર પરિસર ભક્તિ અને શ્રદ્ધાના વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું.

પ્રધાનમંત્રીશ્રીના જન્મદિવસ નિમિત્તે યોજાયેલ આ કાર્યક્રમમાં ગ્રામજનોની ઉત્સાહપૂર્ણ ભાગીદારી જોવા મળી હતી. સરપંચ શ્રી સંજયભાઈ રાઉતના નેતૃત્વમાં યોજાયેલ ૧૦૦૧ દીપ પ્રજ્વલન અને વિશેષ મહાઆરતી કાર્યક્રમ સુરંગીમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

**(પહેલાં પાનાનું ચાલુ)**
**આજે ભારતીય કોસ્ટ...**

‘આંતરરાષ્ટ્રીય દરિયાકાંઠાની સફાઈ ઝુંબેશ’ ૧૯ સપ્ટેમ્બરના રોજ સવારે ૦૭:૦૦ વાગ્યે નમો પથ, દેવકા બીચ, દમણ ખાતે યોજાશે. જેમાં આશરે ૧,૦૦૦ સ્વયંસેવકો ભાગ લે તેવી અપેક્ષા છે. આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય દરિયાકાંઠાની સ્વચ્છતા જાળવવાનો, દરિયાકાંઠાના પર્યાવરણ અને દરિયાઈ જીવસૃષ્ટિનું સંરક્ષણ કરવાનો અને પર્યાવરણ વિશે જનજાગૃતિ લાવવાનો છે. ઝુંબેશ દરમિયાન, વિવિધ સંસ્થાઓ, સંગઠનો અને નાગરિકો સંયુક્ત રીતે દરિયાકાંઠાની સફાઈ કરશે. ભારતીય કોસ્ટ ગાર્ડે જણાવ્યું હતું કે, આ ઝુંબેશ પર્યાવરણીય સંરક્ષણ માટે સામૂહિક જવાબદારીનો સંદેશ ફેલાવશે, સાથે સાથે સ્વચ્છ અને સલામત દરિયાકાંઠાના વિસ્તારો પણ જાળવી રાખશે.

**(પહેલાં પાનાનું ચાલુ)**
**દમણના રાજભાષા...**

આ પ્રતિષ્ઠિત સમારોહમાં પ્રતિષ્ઠિત ભારતીય વહીવટી સેવા અધિકારી સુશ્રી નિધિ મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં, રાજભાષા વિભાગના સહાયક નિયામક ડૉ. અનિલ કૌશિકે મુખ્ય અતિથિ સુશ્રી નિધિને ફૂલોનો ગુલદસ્તો આપી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ દ્વારા દીપ પ્રગટાવીને સમારોહનું ઔપચારિક ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે, વાત્સલ્ય સ્કૂલના બાળકોએ મધુર કંઠે સરસ્વતી વંદના રજૂ કરી, સમગ્ર વાતાવરણ ભક્તિથી ભરી દીધું હતું.

આજના ‘હિન્દી પખવાડા’ સમાપન સમારોહ અને પુરસ્કાર વિતરણ સમારોહને સંબોધતા, રાજભાષા વિભાગના સહાયક નિયામક ડૉ. અનિલ કૌશિકે રાજભાષા હિન્દીનું મહત્ત્વ અને સમકાલીન સમયમાં તેની સુસંગતતા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ખાસ કરીને એ વાતનો ઉલ્લેખ કર્યો હતો કે, આપણાં પ્રધાનમંત્રી તમામ મહત્ત્વપૂર્ણ વૈશ્વિક પ્લેટફોર્મ પર હિન્દીમાં પોતાના ભાષણો આપે છે, જે વિશ્વભરમાં હિન્દીની વધતી જતી પ્રતિષ્ઠા અને સ્વીકૃતિનું પ્રતીક છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે સરકારી કામમાં હિન્દીના ઉપયોગને પ્રોત્સાહન આપવા અને અધિકારીઓ અને કર્મચારીઓમાં ભાષાકીય કુશળતા વિકસાવવાના ઉદ્દેશ્ય સાથે, રાજભાષા વિભાગે ૧ સપ્ટેમ્બર, ૨૦૨૬થી ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીના ‘હિન્દી પખવાડિયા’ દરમિયાન સર્જનાત્મક અને વ્યવહારુ સ્પર્ધાઓની વિશાળ શ્રેણીનું આયોજન કર્યું હતું. આ અગિયાર દિવસ દરમિયાન, નિબંધ સ્પર્ધાઓ, કવિતા લેખન સ્પર્ધાઓ, શબ્દભંડોળ જ્ઞાન સ્પર્ધાઓ, હિન્દી નોંધ લેવા અને મુસદ્દા સ્પર્ધાઓ, હિન્દી ટાઈપિંગ સ્પર્ધાઓ, દેશભક્તિ ગીત સ્પર્ધાઓ અને ભાષણ સ્પર્ધાઓનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. દમણ જિલ્લાની વિવિધ શાળાઓના બાળકો, શિક્ષકો અને સરકારી વિભાગના કર્મચારીઓએ આ સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સમારંભ દરમિયાન, દેશભક્તિ ગીત સ્પર્ધાના વિજેતાઓ, વાત્સલ્ય સ્કૂલના બાળકો અને શ્રી માછી મહાજન સ્કૂલના શિક્ષકોએ તેમના ઉત્તમ અને સુમધુર દેશભક્તિ ગીતો રજૂ કર્યા હતા, જેનાથી શ્રોતાઓમાં નવો ઉત્સાહ ફેલાયો હતો. ત્યારબાદ, ઈનામ વિતરણ સત્ર દરમિયાન, મુખ્ય અતિથિશ્રીએ કુલ ૮૮ ટ્રોફી અને પ્રમાણપત્રોનું વિતરણ કરીને વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓનું સન્માન કર્યું હતું. સમારંભમાં વિવિધ શાળાઓના બાળકો, શિક્ષકો અને સરકારી વિભાગના કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

સમારંભના મુખ્ય અતિથિ સુશ્રી નિધિએ તેમના સંબોધનમાં ખાસ કરીને હિન્દીના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે દૈનિક વહીવટી કાર્યમાં સરળ, સ્પષ્ટ અને સરળ હિન્દીના ઉપયોગ પર ભાર મૂક્યો હતો અને તમામ કર્મચારીઓને સત્તાવાર ભાષાની ગરિમા જાળવી રાખવા અને તેને તેમની દૈનિક કાર્ય સંસ્કૃતિનો અભિન્ન ભાગ બનાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમનું સમાપન રાષ્ટ્રગીતના સામૂહિક ગાન સાથે કરવામાં આવ્યું હતું.

**‘હિન્દી દિવસ’ના ઉપલક્ષમાં યોજવામાં આવેલી વિવિધ સ્પર્ધામાં**

# બુચરવાડા હાઈસ્કૂલનું શાનદાર પ્રદર્શન, અનેક ઈનામો જીતી શાળાનું નામ રોશન કર્યું





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૧૮**

દીવ પ્રશાસન વહીવટીતંત્રના રાજભાષા વિભાગ, દ્વારા ‘હિન્દી દિવસ’ના ઉપલક્ષમાં ‘હિન્દી પખવાડિયા’નું આયોજન કરાયું હતું. જેમાં વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન સ્પર્ધા અને દેશભક્તિ ગીત જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, બુચરવાડા-દીવના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું અનેક ઈનામો મેળવી શાળાનું નામ રોશન કર્યું છે. જેમાં (૧)વક્તૃત્વ સ્પર્ધામાં કુ. નજરાના ખલીફા - પ્રથમ સ્થાને રહી હતી. (૨)નિબંધ લેખન સ્પર્ધામાં (ઉચ્ચતર માધ્યમિક વિભાગ) કુ. શિયા સાવધરિયા - તૃતીય સ્થાને વિજેતા બની હતી. (૩)નિબંધ લેખન સ્પર્ધામાં (માધ્યમિક વિભાગ) કુ. તંઝિલા - તૃતીય સ્થાને, (૪)દેશભક્તિ ગીત સ્પર્ધામાં (ઉચ્ચતર માધ્યમિક વિભાગ) - દ્વિતીય સ્થાને અને (૫)દેશભક્તિ ગીત સ્પર્ધામાં (માધ્યમિક વિભાગ) - તૃતીય સ્થાન મેળવ્યું હતું.

‘હિન્દી પખવાડિયા’ નિમિત્તે યોજાયેલા ઈનામ વિતરણ સમારોહના મુખ્ય અતિથિ તરીકે દીવ નગરપાલિકાના ચીફ ઓફિસર(મુખ્ય અધિકારી) અને મામલતદાર શ્રી ધર્મેશ દમણિયા અને અતિથિ વિશેષ પદે દીવ કલેક્ટરાલયના અધિક્ષક શ્રી ડાહ્યાભાઈ આહીરે વિજેતાઓને ટ્રોફી આપીને સન્માનિત કરી પ્રોત્સાહિત કર્યા હતા.

આ પ્રસંગે શાળાના પ્રભારી મુખ્ય શિક્ષિકા સુશ્રી મીતા પરમારની દેખરેખ અને વરિષ્ઠ હિન્દી અધ્યાપક શ્રી મનીષ સ્માર્ટના કુશળ માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ આ સફળતા મેળવી છે.

શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલા આ ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે સમગ્ર શાળા પરિવારે તમામ વિજેતાઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. શાળાની આ સફળતામાં તમામ સાથી શિક્ષકોનો પણ સક્રિય સહયોગ રહ્યો હતો.

# ચીખલીના કાંગવઈ ગ્રામ પંચાયત ખાતે આયુર્વેદ સર્વરોગ નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી (વંકાલ), તા.૧૭**

નિયામક શ્રી આયુષની કચેરી ગાંધીનગર અને જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી નવસારી ડૉ. કાજલબેન મઢીકરના માર્ગદર્શન હેઠળ આજ રોજ યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસે નિમિત્તે તા.૧૭/૦૮/૨૦૨૬ ગુરુવારના રોજ સરકારી આયુર્વેદ દવાખાનું બોડવાંક, સુરખાય, ચીખલી અને પ્રતાપનગર દ્વારા કાગવઈ ગ્રામ પંચાયત ખાતે આયુર્વેદ સર્વરોગ નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું.


તસ્વીર : દીપક સોલંકી ચીખલી

આ કેમ્પમાં જિલ્લા પંચાયત સભ્ય ડો.નેહાબેન જયવદન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પની શરૂઆત દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવી. ડૉ.નેહાબેન જયવદનભાઈ પટેલ દ્વારા આયુર્વેદ અને તેના લાભ વિશે જણાવ્યું તેમજ વધુમાં વધુ લોકો આયુર્વેદ સારવારનો લાભ લે તેવી અપીલ કરી હતી.

કેમ્પમાં આવનાર દર્દીઓનું આયુર્વેદ પધ્ધતિથી નિદાન અને સારવાર કરવામાં આવી. મે.ઑ.દ્વારા વિદ્યાર્થીઓને વર્ષાઋતુચર્યા અને પૌષ્ટિક આહાર તથા કુપોષણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઋતુજન્ય રોગો સામે રક્ષણ મેળવવા રોગપ્રતિકારકશક્તિવર્ધક સંસમની વટી વિતરણ અને આઈઈસી વિતરણ અને યોગ ઈન્સ્ટ્રક્ટર દ્વારા યોગ સેશન કરાવવામાં આવ્યું હતું. આયુર્વેદ નિદાન સારવાર ૧૪૨ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

**(પહેલાં પાનાનું ચાલુ)**
**હાઈવે પર પશુઓ...**

નવા આદેશ હેઠળ રાજમાર્ગ એજન્સીઓ અને રાજ્ય સરકારોને આ સપ્તાહે રાષ્ટ્રીય રાજમાર્ગ અને એક્સપ્રેસવેથી રખડતાં ઢોર અને અન્ય જાનવરોને સુરક્ષિત હટાવવા માટે એસઓપી જારી કરવામાં આવી હતી. નવા નિયમો હેઠળ NHAI, NHIDCL અને લોક નિર્માણ વિભાગમાં મુખ્ય નોડલ એજન્સી બનાવવામાં આવશે. સૌથી પહેલા આ એજન્સીઓ તે વિશેષ રસ્તા કે હાઈવેના તે હિસ્સાની ઓળખ કરશે, જ્યાં પર સૌથી વધુ રખડતાં ઢોરને કારણે અકસ્માત થાય છે. ત્યારબાદ એજન્સીઓ આ જાનવરોને ત્યાંથી સુરક્ષિત રીતે હટાવશે અને સ્થાનિક તંત્ર દ્વારા નક્કી કરવામાં આવેલા એનિમલ શેલ્ટર સુધી પહોંચાડશે. અહીં ધ્યાન આપવાની વાત છે કે જાનવરોને સુરક્ષિત સ્થળો પર પહોંચાડવાનો ખર્ચ પણ રાજમાર્જ એજન્સીઓ તરફથી વહન કરવામાં આવશે. માનવામાં આવી રહ્યું છે કે આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય પશુઓના માલિકોની જવાબદારી નક્કી કરવાનો છે. નવા નિયમો અનુસાર રાજ્ય સરકારો અને સ્થાનિક તંત્ર પશુ આશ્રય સ્થળોનો સંપૂર્ણ રેકોર્ડ રાખશે. આ સાથે પકડાયેલા પશુઓના માલિકોની માહિતી મેળવવા માટે વિશેષ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

નવા નિયમમાં પશુ અતિચાર અધિનિયમ ૧૮૭૧ અંતર્ગત કાર્યવાહીનો અધિકાર આપવામાં આવ્યો છે. આ કાયદાની કલમ ૨૫ હેઠળ તંત્ર ન માત્ર પશુ માલિકો પર ભારે દંડ ફટકારી શકે છે, પરંતુ દંડ ન ભરવાની સ્થિતિમાં પકડાયેલા પશુનું વેચાણ કરી દંડની ભરપાઈ કરી શકાય છે. સરકારી આંકડા અનુસાર હાલ એવો કોઈ ડેટા ઉપલબ્ધ નથી, જે તે જણાવી શકે કે માત્ર પશુઓને કારણે કેટલી દુર્ઘટના થઈ છે. પરંતુ રોડ પરિવહન મંત્રાલયના આંકડા અનુસાર વર્ષ ૨૦૨૪મા રન ઓફ ધ રોડને કારણે થયેલા અકસ્માતની સંખ્યા આશરે ૧૯૦૮૨ હતી.

આ દુર્ઘટનામાં આશરે ૮૯૧૭ લોકોના જીવ ગયા હતા. મંત્રાલયે સ્વીકાર્યું કે આ પ્રકારની દુર્ઘટનડામાં વધુ સ્પીડ, ચાલકનું ધ્યાન ભટકવું અને વળાંક પર નિયંત્રણ ગુમાવી દેવાને કારણે કે પછી વાહનની સામે અચાનક કોઈ જાનવર આવી જવાને કારણે થાય છે.

ઉલ્લેખનીય છે કે સરકાર તરફથી કરવામાં આવેલી આ પહેલનો અસલી ઉદ્દેશ્ય હાઈવે પર સફર કરનાર યાત્રીકોની સુરક્ષાની ખાતરી અને જાનવરોનો જીવ બચાવવાનો છે. આ સિવાય પશુપાલકોમાં પણ પોતાના જાનવરોને રસ્તા પર ખુલ્લા ન છોડવા પ્રત્યે જાગૃતતા અને ડર પેદા કરવાનો છે.

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિને વલસાડ તાલુકા પંચાયત કચેરીનું મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે લોકાર્પણ કરાયું







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૮**

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિને તા.૧૭ સપ્ટેમ્બરના રોજથી વલસાડ જિલ્લામાં સેવા સંકલ્પ અભિયાનનો પ્રારંભ થઈ રહ્યો છે જે અંતર્ગત રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે વલસાડ તાલુકા પંચાયતની કચેરીના નવા મકાનનું લોકાર્પણ કરાયું હતું.

રૂા.૩ કરોડ ૧૦ લાખના ખર્ચે નિર્માણ થયેલી વલસાડ તાલુકા પંચાયત કચેરીના લોકાર્પણ પ્રસંગે મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સેવા, સમર્પણ અને સુશાસન સાથે રાજ્ય અને દેશનો વિકાસ કર્યો છે. તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે દરેક જિલ્લામાં પ્રવાસ કરી લોકોની સમસ્યા જાણી ગરીબો અને વંચિતોને કેવી રીતે વિકાસની મુખ્ય ધારામાં લાવી શકાય તે માટે પ્રયાસ કર્યા હતા. લોકો ત્યારે તેમને કહેતા કે, અમને રાત્રે જમતી વખતે બે કલાક વીજળી આપો અને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર ગુજરાતમાં ૨૪ કલાક વીજળીની સુવિધા પુરી પાડી હતી. ત્યારથી તેમણે લોક સેવાની શરૂઆત કરી શાળા પ્રવેશોત્સવ, વનબંધુ કલ્યાણ યોજના, સાગરખેડૂ યોજના અને વિધવા સહાય યોજના સહિત અનેકવિધ યોજનાનો લાભ લોકોને અપાવ્યો હતો.

દરેક તાલુકા પંચાયતના પ્રમુખો, સભ્યો અને તાલુકા વિકાસ અધિકારીઓને અપીલ કરતા મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, સરકારે જેટલી પણ યોજના બનાવી છે તેનો લાભ લોકો સુધી પહોંચાડવાની જવાબદારી તમારી છે કહી વલસાડ તાલુકા પંચાયતના પ્રમુખ અને સભ્યોને શુભેચ્છા પાઠવી હતી.

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલે જણાવ્યું કે, વર્ષ ૨૦૪૭માં દેશની આઝાદીને ૧૦૦ વર્ષ પુરા થશે ત્યાં સુધીમાં દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું વડાપ્રધાનશ્રીનું સપનુ છે. તેઓ દેશના વિકાસ માટે ૨૪ કલાકમાંથી ૧૮ કલાક સતત કામ કરી રહ્યા છે. આ નવા મકાનના લોકાર્પણથી અધિકારીઓ અને કર્મચારીઓને સારી સુવિધા મળવાથી ઉર્જા સાથે કામ કરશે. દેશના વિકાસ માટે મહત્વના ત્રણ સ્તરો પૈકી તાલુકા પંચાયત કચેરી મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. સુશાસનના ૨૫માં વર્ષે વલસાડ તાલુકા પંચાયતને નવું મકાન મળ્યું તે બદલ સૌને અભિનંદન. નવી તાલુકા પંચાયત મળવાથી વલસાડ તાલુકાના અંદાજે ૪૧૫૦૦૦ વસ્તીને લાભ થશે.

વલસાડ-ડાંગના સાંસદ અને લોકસભાના દંડક શ્રી ધવલભાઈ પટેલે જણાવ્યું કે, આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મ દિવસ છે એટલે અનેરો ઉત્સાહ છે. સમગ્ર ભારતમાં સેવા સપ્તાહ ચાલશે. વડાપ્રધાનશ્રીનું માનવું છે કે, જનસેવાથી જ રાષ્ટ્ર સેવા કરી શકાય છે. નવી તાલુકા પંચાયતની કચેરીના લોકાર્પણથી તાલુકાના છેવાડાના લોકોને તેમજ ગરીબ અને વંચિત લોકોની સરકાર પ્રત્યેની અપેક્ષાઓ પૂર્ણ થશે.

વલસાડના ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલ અને ધરમપુરના ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. આભારવિધિ વલસાડ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી કિશોરભાઈ મેહવાલાએ કરી હતી.

આ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી નીતિન સાંગવાન, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અતિરાગ ચપલોત, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી યુવરાજસિંહ જાડેજા, પ્રદેશ સંગઠન મંત્રી શ્રીમતી સોનલબેન સોલંકી, જિલ્લા સંગઠન પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારા, તાલુકા સંગઠન પ્રમુખ શ્રી તેજસભાઈ પટેલ સહિત અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડ જિલ્લા માહિતી ભવનના લોકાર્પણ અંતર્ગત પત્રકાર સ્નેહ મિલન સમારોહ યોજાયો

## માહિતી કચેરી અને પત્રકારો પરસ્પર સહયોગથી સરકારની પ્રજાલક્ષી પ્રવૃત્તિઓની માહિતી છેવાડાના લોકો સુધી પહોંચાડે છે: નાયબ માહિતી નિયામક ઉમેશ બાવીસા



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૮**

વલસાડ જિલ્લા માહિતી કચેરીના નવા ભવનના લોકાર્પણને અનુલક્ષીને જિલ્લા માહિતી કચેરી દ્વારા જિલ્લાના પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયા કર્મચારીઓ સાથે સ્નેહ મિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા માહિતી કચેરીના નાયબ માહિતી નિયામકશ્રી ઉમેશ બાવીસાએ પત્રકારોના સાથ, સહકાર અને સંવાદ દ્વારા રાજ્ય સરકારના વિકાસ કાર્યો અને પ્રજાલક્ષી પ્રવૃત્તિઓની માહિતી છેવાડાના અને વંચિત લોકો સુધી પહોંચાડવામાં આવી રહી છે. સરકાર અને પ્રજા વચ્ચે માહિતીના સેતૂ તરીકે માહિતી કચેરી કાર્ય કરે છે ત્યારે આ સેતૂને વધુ મજબૂત બનાવવામાં સૌ પત્રકાર મિત્રોની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ છે. માહિતી ખાતુ અને પત્રકારો બંને એકબીજાના પૂરક છે, જેઓ પ્રજાને સાચી અને ઝડપી માહિતી પહોંચાડી રાજ્ય સરકારના વિકાસ કાર્યોને વેગ આપે છે. જિલ્લાના વિકાસની આ સફરને લોકો સુધી પહોંચાડવામાં દરેક પત્રકાર મિત્રો સહયોગ આપી રહ્યા છે. માહિતી કચેરી અને મીડિયા વચ્ચેનો સંબંધ માત્ર વ્યવસાયિક નથી પરંતુ પરસ્પર વિશ્વાસ, સહયોગ અને સંવાદનો સંબંધ છે.

વલસાડ જિલ્લાના વરિષ્ઠ પત્રકાર ઉત્પલભાઈ દેસાઈએ સ્નેહ મિલન સમારોહ પ્રસંગે જણાવ્યું કે, વલસાડ જિલ્લામાં માહિતી કચેરીનું સ્વતંત્ર ભવન નિર્માણ કરવામાં આવે તે માટે ઘણા લાંબા સમયથી માંગ ચાલી આવી હતી અને રાજ્ય સરકાર દ્વારા નવું માહિતી ભવનનું નિર્માણ કરાતા માહિતી કચેરીના સ્ટાફની સાથે હવે જિલ્લાના પત્રકારોને પણ પોતાની ફરજ બજાવવામાં સરળતા રહેશે જે બદલ સૌ પત્રકાર મિત્રો વતી રાજ્ય સરકારનો આભાર માનીએ છે. માહિતી મદદનીશ જિજ્ઞેશ સોલંકીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. નવા ભવનના નિર્માણ બદલ સૌ પત્રકારોએ માહિતી ખાતાની ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા માહિતી કચેરીના નાયબ કાર્યપાલક ઈજનેર સુનિલ મહેતા, અધિક્ષક અક્ષય દેસાઈ, ઓપરેટર પ્રફૂલ પટેલ, ટેકનિકલ આસિસ્ટન્ટ મહેશ પટેલ, જુનિયર કર્લાક સુનિતા પટેલ સહિતનો સ્ટાફ અને જિલ્લાના પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયાના કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તમામ પત્રકાર મિત્રોએ માહિતી કચેરીના અધિકારી અને કર્મચારીઓએ સાથે પ્રીતિ ભોજન લઈ માહિતીના સેતૂને વધુ મજબૂત બનાવવાની દિશામાં પ્રયાણ કર્યું હતું.

# વાપી પ્રમુખ ગ્રીન સોસાયટીમાં ગણેશોત્સવ બન્યો 'સંસ્કાર, સેવા અને સ્વાસ્થ્ય'નો ઉત્સવ







## ધાર્મિક આસ્થા સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો, સુંદરકાંડ પાઠ, વ્યસનમુક્તિ અને સ્વાસ્થ્ય જાગૃતિનો સંદેશ; વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની વિશેષ ઉજવણી કરાઈ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૮**

વાપી ચલા સ્થિતા પ્રમુખ ગ્રીન સોસાયટી ખાતે પ્રમુખશ્રી, સોસાયટી કમિટી તથા તમામ રહેવાસીઓના સહિયારા પ્રયાસોથી ગણેશ મહોત્સવ-૨૦૨૬ની ભવ્ય અને ભક્તિમય ઉજવણી કરવામાં આવી હતી. ધાર્મિક આસ્થા સાથે સંસ્કૃતિ, સંસ્કાર, સામાજિક જાગૃતિ, સ્વાસ્થ્ય અને સોસાયટીની એકતાનો સુંદર સમન્વય આ મહોત્સવની વિશેષતા રહ્યો હતો.

મહોત્સવ દરમિયાન બાળકોની પ્રતિભાને પ્રોત્સાહન આપવા ડ્રોઈંગ, બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ, ડાન્સ તથા માયથોલોજિકલ કાર્યક્રમો યોજાયા હતા. મહિલાઓ માટે હાઉસી ગેમ અને આરતીની થાળી ડેકોરેશન જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. ભજન, પોટ ડેકોરેશન, ગણેશજીની આરતી સહિતના ધાર્મિક કાર્યક્રમોથી સમગ્ર સોસાયટી ભક્તિના રંગે રંગાઈ હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે પ્રમુખ ગ્રીન્સ સોસાયટી ખાતે વિશેષ કાર્યક્રમ યોજાયો જેમાં ગુજરાત સરકારના નાણા અને ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે કેક કટિંગ કરી વડાપ્રધાનશ્રીને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે સોસાયટીના નિલેશભાઈ ગબાણી, સમિતિના સભ્યો તથા રહેવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ વડાપ્રધાનશ્રીના સ્વસ્થ, દીર્ઘાયુ અને સુખમય જીવન માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી. સાથે જ સ્વચ્છતા, સ્વાસ્થ્ય, સેવા અને વ્યસનમુક્તિ જેવા સકારાત્મક સંદેશને સમાજમાં આગળ વધારવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો.

**ધર્મ સાથે સામાજિક જાગૃતિનો સંદેશ:** ગણેશોત્સવને માત્ર ધાર્મિક ઉજવણી પૂરતો સીમિત ન રાખી વ્યસનમુક્તિનો સામાજિક સંદેશ પણ આપવામાં આવ્યો હતો. તમાકુ, ગુટખા, પાન-મસાલા સહિતના હાનિકારક વ્યસનોથી દૂર રહી સ્વસ્થ જીવનશૈલી અપનાવવા યુવાનો સહિત તમામ વર્ગને પ્રેરિત કરવામાં આવ્યા હતા. નવી પેઢીને વ્યસનથી દૂર રાખવામાં પરિવાર, માતા-પિતા અને સમાજની જવાબદારી અંગે પણ જાગૃતિ લાવવામાં આવી હતી.

**ઓમ શાંતિ મંડળે આપ્યો સ્વસ્થ જીવનનો સંદેશ:** વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે ઓમ શાંતિ મંડળ દ્વારા રહેવાસીઓ માટે સ્વાસ્થ્ય અને સુખાકારી અંગે વિશેષ માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. શારીરિક સ્વાસ્થ્યની સાથે માનસિક શાંતિ, ભાવનાત્મક સંતુલન અને સકારાત્મક જીવનશૈલીનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

**સુંદરકાંડના પાઠથી ગુંજી ઉઠ્યું સોસાયટી પરિવાર:** પ્રમુખ ગ્રીન સોસાયટીના રાજસ્થાન મિત્ર મંડળ દ્વારા ધાર્મિક ભાવના સાથે સુંદરકાંડ પાઠનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં રહેવાસીઓએ ભાગ લઈ ભક્તિભાવથી સુંદરકાંડનો પાઠ કર્યો હતો, જેના કારણે સમગ્ર સોસાયટીનું વાતાવરણ આધ્યાત્મિક ઊર્જાથી ગુંજી ઉઠ્યું શહતું.

ગણેશ મહોત્સવ દરમિયાન સતત બે દિવસ સુધી તમામ રહેવાસીઓ માટે મહાપ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખશ્રી, તમામ કમિટી સભ્યો, રાજસ્થાન મિત્ર મંડળ, ઓમ શાંતિ મંડળ તથા પ્રમુખ ગ્રીન સોસાયટીના તમામ રહેવાસીઓએ આપેલા સહયોગ બદલ આયોજકો દ્વારા સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# વાપી ગીતાનગરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસે પૂર્વ કોર્પોરેટર દ્વારા જરૂરીયાતમંદ પરિવાર માટે આવાસનું ખાતમુહૂર્ત કરાયું

## દિલીપ યાદવ છેલ્લા ૮ વર્ષથી આવાસ બનાવતા રહ્યા છે : નાણાંમંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે ખાતમુહૂર્ત કરાવામાં આવ્યું



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૮**

વાપીમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૬માં જન્મદિવસની ઉજવણી અનેક સેવાકીય કાર્યો થકી આવી હતી. તે અંતર્ગત ગીતાનગરમાં પૂર્વ કોર્પોરેટર દિલીપ જાદવ દ્વારા જરૂરીયાતમંદ પરિવારને નવું આવાસ બનાવી આપવા માટે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

પૂર્વ કોર્પોરેટર શ્રી દિલીપ યાદવ છેલ્લા ૮ વર્ષથી વડાપ્રધાનના જન્મ દિવસની ઉજવણી જરૂરીયાતમંદ પરિવારોના નવા આવાસ બનાવી આપી સેવા કરતા રહ્યા છે. આ વર્ષે પણ મોદીના જન્મ દિવસની ઉજવણી તેમણે વધુ એક નવિન આવાસ બનાવવા માટે ખાતમુહૂર્ત કર્યુ હતું. ખાતમુહૂર્ત કેબીનેટ નાંણા અને શહેરી વિભાગના મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી છેલ્લા ૨૫ વર્ષથી ગુજરાત અને દેશની અવિરત સેવા કરતા આવ્યા છે. તેથી તેમનો જન્મ દિવસ વિવિધ સેવાકાર્યો થકી ઉજવવાની પરંપરા રહી છે. આજે એક સેવા કાર્ય પૂર્વ કોર્પોરેટર શ્રી દિલીપ જાદવના હસ્તે થયું છે. ખાતમુહૂર્ત કાર્યક્રમમાં મનપા સ્ટેન્ડિંગ કમીટી ચેરમેન શ્રી સતિષભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ શ્રી મનિષ દેસાઈના ભાજપના હોદ્દેદાર અને નગર સેવકો ઉપસ્થિત રહ્યા હતા.

# રૂા. ૪૬ કરોડના ખર્ચે નવનિર્મિત ૧૦૦ બેડની ચીખલી સરકારી હોસ્પિટલનું આજે લોકાર્પણ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૧૮**

ચીખલી તાલુકામાં આર્થિક અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓનું મુખ્ય કેન્દ્ર બનીને ઊભરી રહ્યો છે. મુખ્યત્વે આદિવાસી બાહુલ્ય ધરાવતો આ વિસ્તાર પરંપરાગત ઓળખ સાથે ઝડપી શહેરીકરણ અને વેપાર-રોજગારની દિશામાં આગળ વધી રહ્યો છે.

ચીખલીમાં ખનિજ વેપારની સાથે-સાથે મોટા પાયે ઔદ્યોગિક એકમો સ્થપાયા છે.મુંબઈ-અમદાવાદ એક્સપ્રેસ-વે અને નિર્માણાધીન બુલેટ ટ્રેનની નજીકની કનેક્ટિવિટી અને ઔદ્યોગિક એકમોને પરિણામે અહીં દૈનિક હજારો લોકોની અવરજવરથી સતત ધમધમાટ જોવા મળે છે. ત્યારે ચીખલી તાલુકા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોના લોકોને ઘરઆંગણે જ ગુણવત્તાસભર, આધુનિક અને અસરકારક આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થાય તે હેતુથી ચીખલી ખાતે ૧૦૦ બેડની ક્ષમતાવાળી અદ્યતન સરકારી હોસ્પિટલનું આજે લોકાર્પણ કરવામાં આવશે.

આ આધુનિક હોસ્પિટલ શરૂ થવાથી સ્થાનિક નાગરિકોને ગંભીર બીમારીઓ કે સર્જરી માટે નવસારી, વલસાડ કે સુરત જેવા મોટા શહેરો સુધી ધક્કા ખાવામાંથી આજથી મુક્તિ મળશે.

હોસ્ટિલમાં દર્દીઓની તાત્કાલિક સારવાર માટે ૨૪ કલાક કાર્યરત ઈમરજન્સી રૂમ અને ઈમરજન્સી વોર્ડની વ્યવસ્થા કરવામાં આવી છે. વિવિધ રોગોના નિદાન માટે અત્યાધુનિક લેબોરેટરી,એક્સ-રે, યુનિટ, બ્લડ સ્ટોરેજ રૂમ અને ઈસીજી સેન્ટર ઉપરાંત અણધારી પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને ચાર મૃતદેહ રાખી શકાય તેવી ક્ષમતાવાળા કોલ્ડ સ્ટોરેજ રૂમ, સ્પેશિયાલિટી ઓ.પી.ડી., દર્દીઓની નિયમિત તપાસ માટે ચાર જનરલ ઓપીડી રૂમ ઉપરાંત ડેન્ટલ, ઓર્થોપેડિક, ફિઝિયોથેરાપી, આયુષ અને જનરલ સર્જન સહિતની સ્પેશિયાલિટી ઓપીડીની સુવિધા ઉપલબ્ધ રહેશે.

આ સાથે ઈન્જેક્શન રૂમ, ડ્રેસિંગ રૂમ, કેશ અને ફાર્મસી કાઉન્ટર તેમજ દર્દીઓ અને તેમના સગા-સંબંધીઓ માટે વિશાળ વેઈટિંગ એરિયા અને લિફ્ટની સુવિધા ઊભી કરવામાં આવી છે. મહિલાઓ અને બાળકોની સઘન સારવાર માટે ગાયનેક ઓપીડી, પીડિયાટ્રિક ઓપીડી અને નવજાત શિશુઓ માટે ન્યુબોર્ન ઓપીડી પ્રસૂતિ માટે અદ્યતન લેબર રૂમ, મેટરનિટી વોર્ડ, સેપ્ટિક વોર્ડ, મધર રૂમ તેમજ નવજાત શિશુઓની ગંભીર સારવાર માટે એસ.એન.સી.યુ. અને મમતા ક્લિનિક જેવી સુવિધાઓ ઉપલબ્ધ રહેશે.

જટિલ શસ્ત્રક્રિયાઓ માટે હોસ્પિટલમાં ઓટી-૧થી ઓટી-૪ સુધીના કુલ ચાર અત્યાધુનિક ઓપરેશન થિયેટર તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં ઓપરેશન બાદ દર્દીઓની દેખરેખ માટે પોસ્ટ-ઓપરેટિવ રિકવરી રૂમ,આઈસીયુ તેમજ સ્ત્રી-પુરુષ માટે અલગ-અલગ મેડિકલ અને સર્જિકલ વોર્ડ બનાવાયા છે. ચેપી રોગોથી પીડાતા દર્દીઓ માટે પુરૂષ અને મહિલા આઈસોલેશન રૂમ તેમજ કેદી દર્દીઓ માટે અલગ સુરક્ષિત પ્રિઝનર વોર્ડની સુવિધા ઉપરાંત દર્દીઓની જરૂરિયાત મુજબ સ્પેશિયલ રૂમ (૧ થી ૬),વીઆઈપી રૂમ અને કેન્ટીનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

ગ્રામીણ વસ્તી ધરાવતા ચીખલી તાલુકા માટે આ ૧૦૦ બેડની સરકારી હોસ્પિટલ સંજીવની સમાન સાબિત થશે. જ્યાં તમામ ગંભીર અને સામાન્ય રોગોની ઉચ્ચ સ્તરીય સારવાર એક જ છત નીચે નિઃશુલ્ક ઉપલબ્ધ બનશે.

# ચીખલી સહિત નવસારી જિલ્લામાં ૪૨ હજાર હેક્ટર પાક માટે પાંચ દિવસનો વરસાદ બન્યો સંજીવની: ડાંગરનું ઉત્પાદન ૧૦ થી ૧૫% વધવાની આશા

**- દીપક સોલંકી દ્વારા**
**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૧૮**

ઓગસ્ટથી ૧૨ સપ્ટેમ્બર સુધીના લાંબા વિરામ અને ઝરમરિયાં વરસાદ બાદ ચીખલી સહિત નવસારી જિલ્લામાં છેલ્લા પાંચ દિવસમાં સાર્વત્રિક મેઘ મહેર થતાં સુકાઈ રહેલા પાકાને નવજીવન મળ્યું છે. જિલ્લા પંચાયતની ખેતીવાડી શાખાના સત્તાવાર ડેટા અનુસાર ૪૨,૦૦૦ હેક્ટરમાં ડાંગરનું વાવેતર નોંધાયું છે. મોંઘા બોરવેલ અને ડીઝલ પંપના ખર્ચે પિયત કરતા ખેડૂતોને આ પાંચ દિવસ પડેલા વરસાદથી લાખો રૂપિયાની બચત થઈ શકે છે



**તાલુકાવાર થયેલું વાવેતર**

| | |
|---|---|
| ચીખલી તાલુકામાં | - ૭૫૧૯ |
| ગણદેવી તાલુકામાં | - ૨૨૦૪ |
| જલાલપોર તાલુકામાં | - ૪૮૭૨ |
| ખેરગામ તાલુકામાં | - ૪૪૭૪ |
| નવસારી તાલુકામાં | - ૩૮૪૫ |
| વાંસદા તાલુકામાં | - ૨૦૦૦૬ |
| કુલ | - ૪૨૯૧૯ |

**ડાંગરની કાળજી ક્યારીઓમાં પાણી ભરાતાં કંઠી અને દાણા ભરાવાની પ્રક્રિયા મજબૂત થશે.૫% જોખમ? નિચાણવાળા ખેતરોમાં પાણીનો નિકાલ ન હોય ત્યાં સડો બેસવાની શક્યતા**

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

# ચૂંટણીપંચની કાર્યપદ્ધતિ અને ભૂમિકા સવાલોના ઘેરામાં

**ભા**રત દેશ આઝાદ થયો, ત્યારપછી પછી અનેક એવા પ્રસ્તાવો આવ્યા છે કે જ્યારે બંધારણની રક્ષા અને લોકતંત્રની સુરક્ષા માટે દેશની સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર અને રાજ્ય સરકારો તથા રાજકીય પક્ષોને જરૂર પડ્યે સાચો માર્ગ બતાવ્યો છે અને કેટલીક વખત તો કેટલીક ટકોર પણ કરી છે. એ ઉપરાંત જ્યારે નેવાંના પાણી મોભે ચડતા હોય કે બંધારણ લોકતંત્ર પર ખતરો દેખાતો હોય ત્યારે અત્યંત કડક અભિગમો પણ સુપ્રિમ કોર્ટે અપનાવ્યા છે. સંસદે પસાર કરેલા કેટલાક કાયદાઓમાં પણ જ્યારે બંધારણીય પ્રશ્નો ઊભા થાય ત્યારે હસ્તક્ષેપ કર્યો છે અને કેટલાક ગેરબંધારણીય નિર્ણયો, નિયમો કે કાયદાઓને રદ્દબાતલ પણ ઠરાવ્યા છે. સુપ્રિમ કોર્ટે મહારાષ્ટ્રમાં શિવસેનાના ચૂંટણીપ્રતીકના મુદ્દે જસ્ટીસ સહિત ત્રણ જજોની બેન્ચે શિવસેનામાં બળવો થયા પછી ચૂંટણીપંચે શિવસેનાનું 'ધનુષબાણ' ચૂંટણી પ્રતીક એકનાથ શિંદે જુથને ફાળવી દીધુ હતું, તેના સંદર્ભે ચૂંટણી પંચને પૂછ્યું છે કે ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદેના (બન્ને) જુથોને ધનુષબાણના વિકલ્પે અન્ય અલગ અલગ ચૂંટણી ચિન્હો ફાળવવા પર વિચાર કર્યો હતો કે કેમ? સુપ્રિમ કોર્ટમાં ઉદ્ધવ ઠાકરે જુથ દ્વારા કરાયેલી અરજી અંગે સુનાવણી ચાલી રહી હતી અને તે દરમિયાન અદાલતે આ પ્રશ્નો ચૂંટણીપંચને કર્યા હતાં. ઉદ્ધવ ઠાકરેના જુથે સુપ્રિમ કોર્ટમાં એ મુદ્દે અરજી કરી છે કે ચૂંટણી પંચે વિધાનસભામાં બહુમતીના આધારે જ એકનાથ શિંદે જુથને અસલ શિવસેના ગણીને તેને અસલ ચૂંટણી પ્રતીક ફાળવી દીધુ, તે નિર્ણયને ગેરબંધારણીય ઠરાવવામાં આવે અને અસલ શિવસેના અંગે ચૂંટણી પંચના નિર્ણય પર રોક લગાવામાં આવે, તથા અસલ પ્રતીક તેમને ફાળવવામાં આવે. સુપ્રિમ કોર્ટે પૂછ્યું કે જ્યારે ચૂંટણીપંચ શિવસેના પક્ષ તથા તેના ચૂંટણી ચિન્હ અંગે નિર્ણય લઈ રહ્યું હતું, ત્યારે શિંદે જુથ સામે ગેરલાયકાતની (વિધાનસભા ગૃહની) કાર્યવાહી પેન્ડીંગ હતી, તેવા સંજોગોમાં માત્ર ચૂંટાયેલા ધારાસભ્યોની બહુમતીને પક્ષ પરનાઅધિકારનો આધાર ગણી શકાય ખરો?

શિંદે જુથ તરફથી દલીલો થઈ કે વર્ષ ૨૦૧૯ની ચૂંટણીમાં બન્ને જુથ જીતેલા ધારાસભ્યોની સંખ્યા અને મળેલા મતોની ટકાવારીમાં મોટો તફાવત હતો તથા તે પછી વિધાનસભા ભંગ થયા બાદ જુની અરજીઓ બિનઅસરકારક ગણાય, અને નવી વિધાનસભા અસ્તિત્વમાં આવી ગયા પછી તે મુદ્દો હવે પ્રાસંગિક જ નથી. વિધાનસભાના અધ્યક્ષ અને ચૂંટણીપંચ અલગ અલગ સંવૈધાનિક સત્તામંડળો છે, જે અલગ અલગ નિયમો મુજબ કામ કરે છે. ઉદ્ધવ ઠાકરેએ ધનુષબાણનું ચૂંટણી ચિન્હ પરત માંગ્યું છે, ત્યારે હવે ૨૨મી સપ્ટેમ્બરે યોજાનારી આગામી ચૂંટણીમાં શું થાય છે, તે જોવાનું રહે છે.

એક યોગાનુયોગ હોય કે પછી 'દેર આયે દુરસ્ત આયે'ની જેમ ચૂંટણીપંચે પોતાની કાર્યપદ્ધતિ બદલાવી હોય, જે હોય તે ખરૂ, પરંતુ પશ્ચિમ બંગાળમાં તૃણમુલ કોંગ્રેસના વિભાજન પછી 'અસલ' તૃણમુલ કોંગ્રેસનો દાવો કરતા બન્ને જુથો અંગે અંતિમ નિર્ણય લેવાય ત્યાં સુધી ચૂંટણી પંચે તૃણમુલનું અસલ ચૂંટણી ચિન્હ 'ઘાસ સાથે બે ફૂલ'ને સ્થગિત કરી દીધું છે અને બન્ને જુથોને નંદીગ્રામ અને રેજીનગરની બેઠક પર ૬ ઓક્ટોબરે યોજાનારી પેટાચૂંટણી માટે ફ્રી (અન્ય) ચૂંટણી ચિન્હોમાંથી બન્ને પાસેથી ત્રણ ત્રણ ચૂંટણી ચિન્હોના વિકલ્પો માંગવામાં આવ્યાછે, જે અંગે મમતા જુથે તીવ્ર વિરોધ સાથે નવા ત્રણ ચિન્હોની યાદી ચૂંટણી પંચને સુપ્રત કરી છે.

ચૂંટણી પંચે સ્પષ્ટ આદેશ કરી દીધો છે કે બન્ને જુથ હવે 'ઓલ ઇન્ડિયા તૃણમુલ કોંગ્રેસ'ના નામનો ઉપયોગ કરી શકશે નહીં. ચૂંટણીપંચે તૃણમુલ કોંગ્રેસના ઘાસ સાથેના બે ફૂલોનું ચિન્હ વાપરવા પર વચગાળાનો પ્રતિબંધ મૂકી દીધો છે. આથી તૃણમુલ કોંગ્રેસના બન્ને જુથોને જબરો ઝટકો લાગ્યો છે, જો કે આ આદેશ માત્ર આ પેટાચૂંટણી પૂરતો જ લાગુ રહેશે કે વિવાદનો અંત આવે ત્યાં સુધી અમલમાં રહેશે તે અંગે દ્વિધા પ્રવર્તતી હતી, પરંતુ એટલું સ્પષ્ટ થઈ ગયું છે કે આ પેટાચૂંટણીઓમાં તો બન્ને જુથોએ નવા ચુંટણી ચિન્હો પર જ ચૂંટણી લડવી પડશે. અત્રે ઉલ્લેખનિય છે કે મમતા બેનર્જી જુથના કારમા પરાજય પછી તૃણમુલ કોંગ્રેસમાં વિભાજત થયું હતું અને ઘણાં ધારાસભ્યોએ અલગ જુથ રચ્યું હતું, તે સમયથી શિવસેનાના વિવાદની જેમ જ ચૂંટણીપંચનો વિવાદ પશ્ચિ બંગાળમાં પણ ચાલી રહ્યો છે, પરંતુ બન્ને કિસ્સામાં ચૂંટણીપંચનો નિર્ણય વિરોધાભાસી જણાય છે. પશ્ચિ બંગાળમાં જે તૃણમુલ કોંગ્રેસમાં થયું તેવું જ ભૂતકાળમાં મહારાષ્ટ્રમાં શિવસેનામાં થયું હતું. મહારાષ્ટ્રમાં શિવસેનાના વિદ્રોહી જુથને વિધાનસભામાં બહુમતી સાબિતના આધારોને લક્ષ્યમાં લઈને મૂળ ચૂંટણી ચિન્હ ફાળવી દેવાયું અને હવે પશ્ચિમ બંગાળમાં આ જ પ્રકારના કિસ્સામાં મૂળ ચૂંટણી ચિન્હ સ્થગિત કરી દીધું છે, તો બીજી તરફ સુપ્રિમ કોર્ટે ભૂતકાળના મહારાષ્ટ્રના કિસ્સામાં પણ ચૂંટણી પંચને તીખા સવાલો પૂછ્યા છે, તેથી ચૂંટણીપંચની કાર્યપદ્ધતિ અને ભૂમિકા સવાલોના ઘેરામાં આવી ગઈ છે. હવે સુપ્રિમ કોર્ટે અંતિમ ફેંસલાઓ કેવા આપે છે, તેના પર આ બન્ને રાજ્યોના વિઘટિત થયેલા રાજકીય પક્ષોના રાજકીય ભવિષ્યનો આધાર રહેવાનો છે.

# લાંબાગાળે માંસાહારની આદત શરીરમાં બિમારીઓને આમંત્રણ આપે છે

**વ**ર્તમાન સમયમાં જે પ્રકારે માંસાહારનું ખોટું માર્કેટિંગ કરવામાં આવે છે તેનાથી ઘણાં લોકો ગેરમાર્ગે દોરાયા છે. માંસાહાર ખાવાના શોખીન લોકો સાથે હવે આવા ગેરમાર્ગે દોરાયેલા લોકો પણ જોડાયા છે. ભારત દેશમાં તો પશુપક્ષી પ્રાણીને દેવી તેમજ દેવતાઓનાં વાહન તરીકે સ્વીકારવામાં આવ્યા છે. ગણપતિને ઉંદર, કાલભૈરવ તથા ખંડોબા માટે શ્વાન, માઁ સરસ્વતીજી માટે મોર, માઁ જગદંબાજીનું વાહન સિંહ, માઁ દુર્ગા માટે વાઘ, માઁ દેવી લક્ષ્મીજી માટે ઘુવડ, માઁ વૈષ્ણવીજી માટે ગરૂડ, માતા મહેશ્વરી માટે નંદી, ગંગામાતાનું વાહન મકર, દેવી ઈન્દ્રાણી માતાજી માટે હાથી, માઁ ધુમાવતી માટે કાગડો અને બહુચરા માતા માટે મગર! રામ ભગવાન પણ પશુપક્ષીઓને ખુબ આદર આપતા. પરંતુ સવાલ એ છે કે સ્વયં દેવતાઓનાં વાહન ગણાતાં આવા પશુપક્ષી અને પ્રાણીઓની અત્યારે હાલત શું છે? અને એનાથી પણ વધુ મહત્વનો સવાલ એ છે કે આવી હાલત પાછળ કોણ જવાબદાર છે?

**વેજીટેરીયન ખોરાકનાં ઘણા ફાયદાઓ હોય છે.**

વેજિટેરિયન ખોરાક વધુ સંતુલિત હોય છે. માંસાહાર કરતાં શાકાહારમાં મળતાં ન્યુટ્રિશન્સ વધુ ચડિયાતાં છે, એ વાત આપણે ભૂલી જઈએ છીએ. કસાયેલું સિક્સપેક એબ્સ વાળું બોડી બનાવવું હશે તો અનાજ, કઠોળ, શાકભાજી, ફળફળાદિ માનવ શરીર માટે એક સંપૂર્ણ ફૂડપેકેજ છે, જેમાં જરૂરી વિટામિન, મિનરલ્સથી શરૂ કરીને પ્રત્યેક ન્યુટ્રિશન્સનો સમાવેશ થઈ જાય છે. સંતુલિત શાકાહારી ખોરાક વ્યક્તિને બાવડેબાજ અને મજબૂત બનાવી શકે છે.

શાકાહાર હૃદયસંબંધી રોગના ખતરાને દૂર રાખે છે. માંસાહારમાં સંતૃપ્ત ચરબી (સેચ્યુરેટેડ ફેટ)નું પ્રમાણ ઘણું વધારે હોય છે, જેને કારણે હૃદયસંબંધી બિમારીઓ થવાનો ભય રહે છે. પરંતુ વેજફૂડમાં પૂરતાં પ્રમાણમાં વિટામિન્સ, મિનરલ્સ, ફાઈબર હોય છે, તેમાં સંતૃપ્ત ચરબીનું પ્રમાણ બહુ જ ઓછું જોવા મળે છે, જેના કારણે બ્લડપ્રેશર અને કોલેસ્ટેરોલ પણ નિયંત્રણમાં રહે છે, સરવાળે, મોટી ઉંમરે હૃદયને કાર્યાન્વિત રાખવામાં શાકાહાર ઉપયોગી પૂરવાર થાય છે.


શાકાહારનાં સેવનથી શરીરમાં નકામી ચરબી જમા નથી થતી. સ્વસ્થતાનો માપદંડ ગણાતો 'બોડી માસ ઈન્ડેક્સ' (બીએમઆઈ) પણ શાકાહારીઓમાં માંસાહારીની તુલનામાં વધુ સારો જોવા મળે છે. શરીરનું વજન એકસરખું જાળવી રાખવા તેમજ સંતુલિત આરોગ્ય માટે શાકાહારને વધુ મહત્વ આપવાની નિષ્ણાંતો સલાહ આપે છે. શાકાહાર લાંબી આયુનું વરદાન આપે છે. સંતૃપ્ત ચરબી ધરાવતો ખોરાક (માંસાહાર) ખાવાથી માનવશરીરમાં ઘણી પરેશાનીઓ ઉભી થવાની શક્યતા રહે છે. બ્લડપ્રેશર, કોલેસ્ટેરોલથી શરૂ કરીને મેદસ્વીપણાની સમસ્યાનો શિકાર બનતાં વાર નથી લાગતી! લાંબાગાળે માંસાહારની આદત શરીરમાં બિમારીઓને આમંત્રણ આપે છે, જે મનુષ્યની ઉંમર ઘટાડવાનું કામ કરે છે. ડોક્ટર્સ અને સંશોધકો લાંબી આયુ માટે શાકાહાર પર પસંદ ઉતારવાની તાકીદ કરે છે. શાકાહાર પાચનતંત્ર માટે સુયોગ્ય ખોરાક છે. વેજિટેરિયન ખોરાકમાં રહેલું ફાઈબર પાચનતંત્રને વધુ કાર્યક્ષમ અને બહેતર બનાવવાનું કામ કરે છે. નોનવેજ ફૂડમાં ફાઈબરનું પ્રમાણ ઓછું હોવાથી તે આરોગનાર વ્યક્તિને પાચનસંબંધી ઘણી સમસ્યાઓ નડે છે. ફળો, શાકભાજી, કઠોળ વગેરેમાં ફાઈબરનું પ્રમાણ ખાસ્સું વધારે હોવાથી હેલ્થ એક્સપર્ટ્સ હંમેશા શાકાહારને વધુ પ્રાધાન્ય આપે છે. શરીરમાં સ્ફૂર્તિ અને તાજગી વધારવા માટે શાકભાજી સાથે દેશી ગાયનાં દૂધનો પણ ઉપયોગ કરી શકાય છે. ભારતીય વંશની ગાયના દૂધમાં એક મહત્ત્વનું ઘટક સેરીબ્રોસાઈડ નામનું તત્ત્વ છે જે મગજ અને બુદ્ધિના વિકાસ માટે સહાયક છે.

> **મનુષ્યનું પેટ મરેલા પશુ-પક્ષીઓનું કબ્રસ્તાન કે સ્મશાન નથી, પશુ-પક્ષીઓને ખાતા પહેલા તેમને મારવા પડે છે**

મનુષ્યનું પેટ મરેલા પશુ-પક્ષીઓનું કબ્રસ્તાન કે સ્મશાન નથી, પશુ-પક્ષીઓને ખાતા પહેલા તેમને મારવા પડે છે. હાથી, ઘોડો, ગાય, ગેંડો, હિપોપોટેમસ, બકરી, ઊંટ, હરણ જેવા તમામ શક્તિશાળી અને બુદ્ધિશાળી પ્રાણીઓ શાકાહારી જ છે. તેથી શાકાહાર અપનાવો, રોગ ભગાવો.

# મહર્ષિ દધિચી: નિ:સ્વાર્થ ત્યાગ પરોપકાર અને મહામાનવતાનું શિખર

**દર વર્ષે ભાદરવા સુદ આઠમના પવિત્ર દિવસે 'મહર્ષિ દધિચી જયંતી' ઉજવવામાં આવે છે, મહર્ષિ દધિચી માત્ર એક ઋષિ નહોતા પરંતુ તેઓ દ્રઢ નિશ્ચય, અદ્ભુત આત્મબળ, નિ:સ્વાર્થ સેવા અને પરોપકારની જીવંત મૂર્તિ હતા, જેમણે લોકકલ્યાણ માટે પોતાના દેહનું પણ દાન કરી દીધું હતું**





**ભા**રતીય સનાતન સંસ્કૃતિ અને પૌરાણિક ગ્રંથોમાં અસંખ્ય ઋષિમુનિઓ, તપસ્વીઓ અને મહાપુરૂષોના ચરિત્રો જોવા મળે છે જેમણે પોતાના જ્ઞાનતપ અને આચરણથી સમગ્ર માનવજાતને રાહ ચીંધ્યો છે. આ મહાન ઋષિઓમાં મહર્ષિ દધિચીનું સ્થાન સર્વોચ્ચ અને અત્યંત આદરણીય છે. દર વર્ષે ભાદરવા સુદ આઠમના પવિત્ર દિવસે 'મહર્ષિ દધિચી જયંતી' ઉજવવામાં આવે છે. મહર્ષિ દધિચી માત્ર એક ઋષિ નહોતા પરંતુ તેઓ દ્રઢ નિશ્ચય, અદ્ભુત આત્મબળ, નિ:સ્વાર્થ સેવા અને પરોપકારની જીવંત મૂર્તિ હતા, જેમણે લોકકલ્યાણ માટે પોતાના દેહનું પણ દાન કરી દીધું હતું, તેવા આ ઋષિશ્રેષ્ઠનું જીવન ચરિત્ર સમગ્ર માનવજાત માટે પ્રેરણારૂપ છે.

**જન્મ અને વંશપરંપરા..**

ધર્મશાસ્ત્રો અને પુરાણો અનુસાર મહર્ષિ દધિચી સૃષ્ટિના રચયિતા બ્રહ્માજીના માનસપુત્ર અને પ્રજાપતિ અને ઋષિ તથા માતા શાંતિ જે કર્દમ મહર્ષિની પુત્રી અને કપિલમુનિની બહેન હતા તેમના સુપુત્ર હતા. આ કારણે તેમને 'આથર્વણ' તરીકે પણ ઓળખવામાં આવે છે. શાસ્ત્રોમાં તેમના લગ્ન સુવર્ચા નામના વિદુષી અને ધર્મપરાયણ સ્ત્રી સાથે થયા હોવાનો ઉલ્લેખ મળે છે, તેમને પિપ્પલાદ નામના એક તેજસ્વી પુત્ર હતા, જેમણે આગળ જતાં 'પિપ્પલાદ શાખા' અને અથર્વવેદના પ્રસારમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, તેમનો મૂળ આશ્રમ નૈમિષારણ્યના પવિત્ર ક્ષેત્રમાં અને ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના મહુડી પાસે સાબરમતી નદીના કિનારે દધિમતી ક્ષેત્ર હોવાની લોકવાયકાઓ અને ઐતિહાસિક સંદર્ભો પણ જોવા મળે છે.

**મહર્ષિ દધિચીના જીવનના મુખ્ય કાર્યો અને પૌરાણિક કથાઓ..**

મહર્ષિ દધિચીના જીવન સાથે અનેક રોમાંચક અને પ્રેરણાદાયી કથાઓ જોડાયેલી છે, તેમણે પોતાના જીવનકાળમાં ધર્મ, સત્ય અને દેવતાઓની રક્ષા માટે અનેક મહાન કાર્યો કર્યા હતા. મહર્ષિ દધિચી માત્ર તપસ્વી જ નહીં પરંતુ બ્રહ્મજ્ઞાની અને વેદોના મર્મી હતા, તેમણે દેવરાજ ઈન્દ્રને 'મધુવિદ્યા' કે 'બ્રહ્મવિદ્યા'નું જ્ઞાન આપ્યું હતું. આ જ્ઞાન મેળવવા માટે ઈન્દ્રદેવ ઉત્સુક હતા. જો કે અશ્વિનીકુમારોને આ વિદ્યા શીખવવાની શરતે ઈન્દ્રએ દધિચી મુનિને ચેતવ્યા હતા કે જો તેઓ અન્ય કોઈને આ વિદ્યા શીખવશે તો તેમનું મસ્તક છેદન કરી નાખશે, તેમ છતાં અશ્વિનીકુમારોના આગ્રહ અને તેમની પાત્રતા જોઈને દધિચિએ તેમને આ ગુપ્ત વિદ્યા શીખવી હતી. શરત મુજબ અશ્વિની કુમારોએ દધિચીનું મસ્તક કાપીને અશ્વનું મસ્તક લગાવી દીધું અને બાદમાં મૂળ મસ્તક પાછું જોડી દીધું હતું. આ ઘટનાથી તેમને 'અશ્વશિરા' કે 'અશ્વમુખ' ઋષિ તરીકે પણ ઓળખવામાં આવે છે.

**વૃત્રાસુર સામે દેવતાઓની રક્ષા અને મહાઅસ્થિ દાન..**

મહર્ષિ દધિચીના જીવનની સૌથી મહાન અને અદ્વિતીય ઘટના વૃત્રાસુર સાથેના યુદ્ધની છે. વૃત્રાસુર નામના અત્યાચારી રાક્ષસે ત્રણેય લોક પર ત્રાસ મચાવ્યો હતો અને દેવતાઓને સ્વર્ગમાંથી હાંકી કાઢ્યા હતા. વૃત્રાસુરને એવું વરદાન હતું કે કોઈપણ સામાન્ય હથિયાર જે ધાતુ કે લાકડાનું બનેલું હોય કે સજીવનિર્જીવ વસ્તુથી તેનું મૃત્યુ થઈ શકે નહીં.

દેવતાઓએ ભગવાન વિષ્ણુ અને બ્રહ્માજીની પ્રાર્થના કરી ત્યારે તેમને માર્ગદર્શન મળ્યું કે જો મહર્ષિ દધિચી જેવા પરમ તપસ્વી અને બ્રહ્મતેજથી સંપન્ન ઋષિના અસ્થિમાંથી બનેલા 'વજ્ર'થી જ આ અસુરનો વધ થઈ શકે છે. દેવરાજ ઈન્દ્ર જ્યારે મહર્ષિ દધિચી પાસે આવીને પોતાની વ્યથા રજૂ કરી અને તેમની પાસે અસ્થિદાન માંગ્યું ત્યારે ક્ષણભરનો પણ વિલંબ કર્યા વગર દધિચી મુનિએ સ્વેચ્છાએ પોતાના પ્રાણ ત્યાગવાનું નક્કી કર્યું, તેમણે કહ્યું કે 'જો મારા આશ્ચર્યજનક અને નશ્વર દેહના હાડકાંથી દેવોનું રક્ષણ થતું હોય અને ધર્મનો વિજય




થતો હોય તો તેનાથી ઉત્તમ ભાગ્ય મારા માટે બીજું શું હોઈ શકે?'

યોગબળથી પોતાના પ્રાણ છોડ્યા બાદ દેવશિલ્પી વિશ્વકર્માએ તેમના હાડકાંમાંથી અજેય 'વજ્ર' અસ્ત્રનું નિર્માણ કર્યું હતું. આ વજ્રના પ્રહારથી જ ઈન્દ્રદેવે મહાબલી વૃત્રાસુરનો નાશ કર્યો અને દેવતાઓને તેમનું સ્વર્ગ પાછું અપાવ્યું હતું.

**સત્ય અને ધર્મની રક્ષા..**

મહર્ષિ દધિચી અડગ સત્યવાદી હતા, તેમણે ક્યારેય અધર્મ કે અસત્ય સામે ઝૂકવું સ્વીકાર્યું ન હતું. સમાજમાં ધર્મની સ્થાપના અને સત્યના માર્ગ પર ચાલવા માટે તેમણે હંમેશાં પોતાના અંગત હિતોનો ત્યાગ કરીને લોકકલ્યાણને સર્વોપરી ગણ્યું હતું.

હિન્દુ ધર્મના મહાગ્રંથો જેવા કે શ્રીમદ્ ભાગવત મહાપુરાણ, શિવ મહાપુરાણ, મહાભારતના શલ્યપર્વ અને વનપર્વ તેમજ વિવિધ પુરાણોમાં મહર્ષિ દધિચીના ચરિત્રનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. મહાભારતમાં દધિચી મુનિના ત્યાગને અનુલક્ષીને કહેવાયું છે કે શરીર તો નશ્વર છે, તે આજે નહીં તો કાલે નાશ પામવાનું જ છે પરંતુ પરોપકાર અને લોકકલ્યાણ માટે આપવામાં આવેલું બલિદાન અમર બની જાય છે. મહર્ષિ દધિચીનું નામ લેતા જ આપણા મનમાં 'નિ:સ્વાર્થ ત્યાગ'ની ભાવના જાગૃત થાય છે. આ જ કારણ છે કે ભારતીય સૈન્ય કે દેશ માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર વીર જવાનો કે પરોપકારી મહાપુરૂષોની સરખામણી ઘણીવાર મહર્ષિ દધિચી સાથે કરવામાં આવે છે.

**આજના સમયમાં મહર્ષિ દધિચીના આદર્શોની પ્રાસંગિકતા..**

આજની આધુનિક અને સ્વાર્થકેન્દ્રી દુનિયામાં મહર્ષિ દધિચીનું જીવન ચરિત્ર આપણને એક નવી દિશા ચીંધે છે. મહર્ષિ દધિચીને આજના સમયમાં 'વિશ્વના પ્રથમ અંગદાતા' તરીકે ગણવામાં આવે છે, જેમણે પોતાના મૃત શરીરના હાડકાં અન્યના જીવન રક્ષણ માટે ધરી દીધા,તે જ પ્રેરણાથી આજે 'દેહદાન મહાદાન' અને 'અંગદાન'ના અભિયાનો ચલાવવામાં આવે છે.

'પરહિત સરિસ ધર્મ નહીં ભાઈ' આ સૂત્રને દધિચી મુનિએ પોતાના જીવન દ્વારા સાબિત કરી બતાવ્યું છે. પોતાના સુખ કે જીવની પરવા કર્યા વગર બીજાના કલ્યાણ માટે કાર્ય કરવું એ જ સાચો ધર્મ છે, એટલું મોટું તપ અને તેજ હોવા છતાં તેમનામાં લેશમાત્ર પણ અહંકાર ન હતો, તેઓ હંમેશાં લોકસેવા માટે તત્પર રહ્યા હતા.

ભાદરવા સુદ ૮ના દિવસે મનાવાતી મહર્ષિ દધિચી જયંતી આપણને આપણા મહાન વારસાને યાદ કરવાનો અને તેમના જીવનમૂલ્યોને આપણા જીવનમાં ઉતારવાનો અવસર પૂરો પાડે છે. મહર્ષિ દધિચીનો ત્યાગ માત્ર એક પૌરાણિક ગાથા નથી પરંતુ તે માનવતાનું એક એવું ઉચ્ચ શિખર છે, જે યુગો યુગો સુધી આવનારી પેઢીઓને પ્રેરણા આપતું રહેશે. આ પવિત્ર દિવસે આપણે પણ સંકલ્પ કરીએ કે આપણા જીવનનો ઉપયોગ માત્ર પોતાના માટે નહીં પરંતુ સમાજ અને રાષ્ટ્રના કલ્યાણ માટે કરીશું.

ગુજરાતમાં અને ભારતમાં મહર્ષિ દધિચી સાથે જોડાયેલા કેટલાક અત્યંત મહત્ત્વપૂર્ણ અને પૌરાણિક સ્થાન તથા સ્મારકો આવેલા છે જે તેમના ત્યાગ અને તપસ્યાની સાક્ષી પૂરે છે. દધિચી આશ્રમ અને દૂધાધારી મહાદેવ મંદિર, સાબરમતી નદીના કિનારે, ગાંધી આશ્રમની નજીક સુભાષબ્રિજ/વાડજ વિસ્તાર, અમદાવાદમાં આવેલ છે. પૌરાણિક માન્યતાઓ અને શ્રીમદ્ ભાગવત અનુસાર આ એ જ પવિત્ર ભૂમિ છે જ્યાં મહર્ષિ દધિચિએ લોકકલ્યાણ અને દેવતાઓની રક્ષા માટે પોતાના પ્રાણોનું બલિદાન આપીને અસ્થિદાન કર્યું હતું. આ આશ્રમ પરિસરમાં દૂધાધારી મહાદેવ બાળકેશ્વર મહાદેવનું પ્રાચીન મંદિર આવેલું છે જ્યાંનું શિવલિંગ દૂધ જેવા શ્વેત રંગનું છે. મહર્ષિ દધિચી ભગવાન શિવના પરમ ભક્ત હતા અને આ તેમની તપોભૂમિ હતી. અહીં અઘોરી બાબાની જાગૃત સમાધિ પણ આવેલી છે. આ સ્થાનની એક વિશેષ પરંપરા છે કે અહીં ગુરૂવારના દિવસે આવતા શ્રદ્ધાળુઓ વિશેષ પૂજા-અર્ચના અને હોમહવન કરે છે.

અન્ય મુખ્ય રાષ્ટ્રીય સ્મારકો અને તીર્થસ્થળો પૈકી દધિચી કુંડ અને મિશ્રિખ તીર્થ, સીતાપુર, ઉત્તર પ્રદેશના પ્રખ્યાત નૈમિષારણ્ય તીર્થની નજીક મિશ્રિખ ખાતે 'દધિચી કુંડ' આવેલો છે. ધાર્મિક માન્યતા મુજબ આ એ જ જગ્યા છે જ્યાં મહર્ષિ દધિચિએ તપસ્યા કરી હતી અને દેવતાઓના હિત માટે પોતાના શરીરનો ત્યાગ કર્યો હતો. આ કુંડમાં સઘળા તીર્થોનું જળ ભગવાને વહાવ્યું હોવાનું મનાય છે. તાજેતરમાં ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા આ સ્થળને ભવ્ય 'રાજકીય પર્યટન સ્થળ' તરીકે વિકસાવવાની જાહેરાત પણ કરવામાં આવી છે.

**દધિમતી માતા મંદિર, ગોડ માંગલોદ, રાજસ્થાન..**

રાજસ્થાનના નાગૌર જિલ્લામાં દધિચી મુનિના કુળ અને માતા દધિમતી સાથે જોડાયેલું આ એક શક્તિપીઠ મંદિર આવેલું છે જે દાધીચ બ્રાહ્મણ સમાજ અનેક શ્રદ્ધાળુઓનું મુખ્ય આસ્થા કેન્દ્ર છે. આ તમામ સ્થાનો આપણને મહર્ષિ દધિચીના પરોપકાર, સાદગી અને મહાન બલિદાનની યાદ અપાવે છે.

ભાદરવા સુદ આઠમ 'ધરો આઠમ' તરીકે ઓળખાય છે. 'ધરો આઠમ' નામ પડવા પાછળનું કારણ એ છે કે આ દિવસે દૂર્વાધરોનું વિશેષ મહત્ત્વ છે. ભગવાન શિવ અને ગણપતિની પૂજામાં દૂર્વાઘાસ/ધરોનું અદ્ભૂત મહાત્મય રહેલું છે. ગણપતિ દાદાને વિશેષ રૂપે ધરોદૂર્વા અર્પણ કરવામાં આવે છે. આથી આ પવિત્ર તિથિને 'ધરો આઠમ' કહેવામાં આવે છે. આ દિવસે સ્નાન કરી શુદ્ધ થઈને ભગવાન શિવ, માતા પાર્વતી અને શ્રીગણેશની પૂજાનો સંકલ્પ કરવામાં આવે છે. દૂર્વાની જુડી બનાવીને વિધિવત મંત્રો સાથે ભગવાનને અર્પણ કરવામાં આવે છે. હિન્દુધર્મમાં દૂર્વાને અમૃત સમાન પવિત્ર માનવામાં આવી છે, એવું માનવામાં આવે છે કે દૂર્વામાં દેવત્વનો વાસ હોય છે અને તે તમામ પ્રકારના પાપોનો નાશ કરનાર છે. શાસ્ત્રો અનુસાર ધરો આઠમના દિવસે જે ભક્તો દૂર્વા દ્વારા દેવતાઓનું પૂજન કરે છે, તેમને લાંબુ આયુષ્ય, ઉત્તમ સ્વાસ્થ્ય અને અખંડ સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે. દૂર્વા શીતળતા અને પવિત્રતાનું પ્રતીક છે. તેની પૂજા કરવાથી મનની ચંચળતા શાંત થાય છે અને આધ્યાત્મિક ઊર્જામાં વધારો થાય છે.

# બ્રહ્મનિષ્ઠ તત્ત્વવેત્તા સદ્ગુરૂ ન મળે ત્યાં સુધી સંસારની મોહમાયાના બંધનમાંથી છૂટકારો થતો નથી

**એક** પંડિત દરરોજ રાજમહેલમાં જઈને મહારાણીને કથા સંભળાવતા હતા. કથાના અંતે તે બધા શ્રોતાઓને કહેતા કે 'રામનામ લેવાથી બંધનો તૂટી જાય છે.' તે સમયે મહારાણીએ પિંજરામાં પુરેલ પોપટ કહેતો હતો કે 'પંડિત આવું જુઠું ન બોલો!' આવું સાંભળીને પંડિતજીને ઘણો ગુસ્સો આવતો કે પોપટના આમ બોલવાથી મહારાણી અને લોકો મારા વિશે શું વિચારશે! આ સમસ્યા લઈને પંડિતજી એકવાર તેમના ગુરૂ પાસે જાય છે અને તેમને બધી વિગતવાર વાત કહે છે. કેટલાક દિવસ પછી ગુરૂજી રાજમહેલમાં રૂબરૂ આવીને પોપટ પાસે જઈને પુછ્યું કે 'તૂં આવું કેમ બોલે છે?'

પોપટે કહ્યું કે પહેલાં હું ખુલ્લા આકાશમાં ઉડતો હતો. એકવાર હું એક આશ્રમમાં કે જ્યાં ઘણાં બધાં ઋષિમુનિઓ રામનામનો જપ કરતા હતા ત્યાં જઈને મેં પણ રામનામનો જપ કરવાનું શરૂ કર્યું. એક દિવસ જ્યારે હું તે આશ્રમમાં રામનામનો જપ કરી રહ્યો હતો ત્યારે એક સંતે મને પકડીને પિંજરામાં બંધ કરી દીધો અને મને કેટલાક શ્લોકો શીખવ્યા. એકવાર એક શેઠે આશ્રમમાં આવીને થોડા પૈસા આપીને મને ખરીદી લીધો. હવે શેઠે મને ચાંદીના પાંજરામાં રાખ્યો અને મારૂં બંધન વધતું ગયું. શેઠના પિંજરામાંથી નીકળી જવાની કોઈ શક્યતા નહોતી. એક દિવસ શેઠે પોતાનું કામ કઢાવવા માટે મને રાજાને ભેટમાં આપી દીધો. રાજાએ ખુશીથી મારો સ્વીકારી કર્યો કારણ કે હું રામનામનું ઉચ્ચારણ કરતો હતો તે રાજાને પ્રિય લાગતું હતું. રાજાની મહારાણી ધાર્મિક હતી તેથી રાજાએ મને મહારાણીને સોંપી દીધો. હવે હું કેવી રીતે માનું કે રામનામ લેવાથી બંધનમાંથી મુક્તિ મળે છે? પોપટ કહે છે કે ગુરૂજી આપ જ મને કોઈ યુક્તિ બતાવો કે જેનાથી મારૂં બંધન તૂટે, ત્યારે ગુરૂજી કહે છે કે આજે તૂં ચૂપચાપ સૂઈ જા, સહેજપણ હલવાનું પણ નહીં એટલે મહારાણી સમજશે કે પોપટ મરી ગયો છે એટલે તને પીંજરામાંથી છોડી મુકશે.

ગુરૂજીના આદેશ અનુસાર બીજા દિવસે કથા પુરી થયા પછી પોપટે બોલવાનું બંધ કરી દીધું, ડોક મરડાઈ ગઈ છે એટલે રાણી સમજી કે પોપટ મરી ગયો છે એટલે રાણીએ પિંજરૂં ખોલ્યું એવો જ પોપટ પિંજરામાંથી નીકળીને આકાશમાં ઉડતાં ઉડતાં બોલ્યો કે રામનામ લેવાથી બંધનો ન તૂટે, સદ્ગુરૂ મળે તો જ બંધન છૂટે.. સાર એટલો જ સમજવાનો કે તમામ શાસ્ત્રો વાંચી લો, ગમે તેટલા જપ તપ કરી લો પરંતુ સાચા શ્રોત્રિય(ક્ષૌત્રિય એટલે જેને શ્રુતિ એટલે કે વેદોના સાર તત્ત્વનું જ્ઞાન છે, જેને બ્રહ્માનુભૂતિ કરેલ છે અને બ્રહ્મમાં એક નિષ્ઠા છે, પરમાત્મા તત્ત્વનું જેને દર્શન કરેલ છે.) બ્રહ્મનિષ્ઠ તત્ત્વવેત્તા સદ્ગુરૂ ન મળે ત્યાં સુધી સંસારની મોહમાયાના બંધનમાંથી છૂટકારો થતો નથી.

# સ્પોર્ટ્સ ન્યુઝ

## અભિષેકે ૩૦ બોલમાં સદી ફટકારી વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો




(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૮:** ભારતીય બેટ્સમેન અભિષેક શર્માએ અફઘાનિસ્તાન સામે માત્ર ૩૦ બોલમાં સદી ફટકારી હતી. અભિષેક શર્માએ T20I માં ભારતની સૌથી ઝડપી સદી ફટકારીછે. અભિષેક અને સેમસન વચ્ચે શાનદાર ભાગીદારી થઈ અને ભારતનો સ્કોર ઝડપથી ૧૫૦ ની નજીક પહોંચી ગયો હતો.

અભિષેક શર્માએ અફઘાનિસ્તાન સામેની ત્રીજી T20I માં માત્ર ૩૦ બોલમાં પોતાની સદી પૂરી કરી અને આ સિદ્ધિ હાંસલ કરનાર સૌથી ઝડપી ભારતીય બેટ્સમેન બન્યો હતો. તેણે આ સિદ્ધિ હાંસલ કરતી વખતે નવ ચોગ્ગા અને ૧૦ છગ્ગા ફટકાર્યા. આ પહેલા રોહિત શર્માના નામે ભારત માટે સૌથી ઝડપી T20I સદીનો રેકોર્ડ હતો. હિટમેને ૩૫ બોલમાં ત્રણ આંકડાનો સ્કોર કર્યો હતો.

અભિષેક શર્માએ પુરુષોના T20I આંતરરાષ્ટ્રીય ક્રિકેટના પ્રથમ છ ઓવરમાં પાવરપ્લેમાં ઈતિહાસ રચ્યો છે. દિલ્હીમાં અફઘાનિસ્તાન સામેની મેચમાં અભિષેકે પાવરપ્લે દરમિયાન માત્ર ૨૨ બોલમાં ૭૬ રન ફટકાર્યા હતા. આ વિસ્ફોટક બેટિંગ સાથે તેણે T20I આંતરરાષ્ટ્રીય ક્રિકેટના પ્રથમ છ ઓવરમાં સૌથી વધુ વ્યક્તિગત સ્કોરનો નવો વિશ્વ રેકોર્ડ બનાવ્યો છે. અભિષેકે પોર્ટુગલના કુલદીપ ઘોલિયા અને ઓસ્ટ્રેલિયાના ટ્રેવિસ હેડ જેવા દિગ્ગજોને પાછળ છોડી દીધા છે. અગાઉ આ રેકોર્ડ કુલદીપ ઘોલિયાના નામે હતો, જેમણે ૨૦૨૩ માં જિબ્રાલ્ટરમાં માલ્ટા સામે પાવરપ્લેમાં ૨૫ બોલમાં અણનમ ૭૪ રન બનાવ્યા હતા.

આ દરમિયાન, ઓસ્ટ્રેલિયન ઓપનર ટ્રેવિસ હેડ યાદીમાં ત્રીજા સ્થાને જતો રહ્યો છે. હેડે ૨૦૨૪ માં એડિનબર્ગમાં સ્કોટલેન્ડ સામે વિસ્ફોટક ઈનિંગ રમી પ્રથમ છ ઓવરમાં ૨૨ બોલમાં અણનમ ૭૩ રન બનાવ્યા હતા. પરંતુ એ નોંધનીય છે કે અભિષેક પહેલાથી જ ફૂલ મેમ્બર ટીમ(FM) માટે T20I આંતરરાષ્ટ્રીય મેચોમાં સદી ફટકારનાર સૌથી ઝડપી બેટ્સમેન બની ગયો છે. સાહિલ અને ફહાદની ટીમોને ફૂલ મેમ્બર ટીમનો દરજ્જો નથી. ૩૦ બોલમાં સદી ફટકાર્યા બાદ અભિષેકે ૩૪ બોલમાં ૯ ચોગ્ગા અને ૧૧ છગ્ગાની મદદથી ૧૦૮ રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો.

### ક્રિકેટના મેદાનમાં અદ્ભૂત નજારો

## ૩-૦થી હારેલી અફઘાની ટીમનો કેપ્ટન ભારતીયોની ઉજવણીમાં જોડાયો





(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૮:** ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેના ક્રિકેટ સંબંધો હંમેશાંથી સૌહાર્દપૂર્ણ રહ્યા છે. તાજેતરમાં રમાયેલી ટી-૨૦ સીરિઝમાં ભારતીય ટીમે શાનદાર પ્રદર્શન કરીને અફઘાનિસ્તાનને ૩-૦થી ક્લીન સ્વીપ કર્યું હતું. સીરિઝની છેલ્લી અને ત્રીજી ટી-૨૦ મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાઈ હતી, જેમાં ભારતે ૧૨૭ રનોથી વિજય મેળવ્યો હતો. આ ભવ્ય જીત બાદ ભારતીય કેપ્ટન શ્રેયસ અય્યરે ખેલદિલીનું અદભૂત ઉદાહરણ પૂરું પાડ્યું હતું, જેની ચર્ચા ચારેય તરફ થઈ રહી છે.

સીરિઝ ગુમાવવાના કારણે અફઘાનિસ્તાનના કેપ્ટન ઈબ્રાહિમ જાદરાન ખૂબ જ નિરાશ હતા. આવા સમયે ભારતીય કેપ્ટન શ્રેયસ અય્યરે ટ્રોફી સેલિબ્રેશન દરમિયાન અફઘાનિસ્તાનના કેપ્ટનને પોતાની સાથે સ્ટેજ પર આમંત્રિત કર્યા અને તેમની હોંસલા અફજાઈ કરી. અય્યરે માત્ર તેમને ટ્રોફી સાથેના વિજયી ઉજવણીમાં સામેલ જ ન કર્યા, પરંતુ તેમની સાથે ફોટા પણ ક્લિક કરાવ્યા.

અય્યરના આ વર્તનની સરખામણી ભૂતકાળમાં ભારતીય ખેલાડી અજિંક્ય રહાણે દ્વારા બતાવાયેલી ખેલદિલી સાથે કરવામાં આવી રહી છે. અગાઉ જ્યારે અફઘાનિસ્તાને તેની ક્રિકેટ ઈતિહાસની પહેલી ટેસ્ટ મેચ ભારત વિરુદ્ધ રમી હતી અને હારનો સામનો કરવો પડ્યો હતો, ત્યારે તત્કાલીન કેપ્ટન અજિંક્ય રહાણેએ અફઘાનિસ્તાનની આખી ટીમને ભારતીય ટીમ સાથે વિજયી ઉત્સવમાં સામેલ થવા માટે આમંત્રિત કરી હતી. અય્યરે પણ એ જ મૈત્રીપૂર્ણ પરંપરાને આગળ વધારી છે. આ છેલ્લી ટી-૨૦ મેચમાં ભારતે પહેલા બેટિંગ કરતા ૨૨૨ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. અભિષેક શર્માની તોફાની સદીઃ ઓપનર અભિષેક શર્માએ માત્ર ૩૦ બોલમાં જ વિસ્ફોટક સદી ફટકારીને ટેસ્ટ પ્લેઈંગ નેશનના ખેલાડી તરીકે સૌથી ઝડપી ટી-૨૦ સદી નોંધાવવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. તેમણે ૧૦૮ રનની શાનદાર ઈનિંગ રમી હતી. અફઘાનિસ્તાનની હારઃ ૨૨૨ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી અફઘાનિસ્તાનની પૂરી ટીમ માત્ર ૯૪ રનમાં જ સમેટાઈ ગઈ હતી. ટી-૨૦ ક્રિકેટમાં અફઘાનિસ્તાનની આ સૌથી મોટી હાર છે. ભારત તરફથી નીતિશ કુમાર રેડ્ડી અને રવિ બિશ્નોઈએ ૩-૩ વિકેટ ઝડપી હતી. શાનદાર સદી ફટકારવા બદલ અભિષેક શર્માને પ્લેયર ઓફ ધ મેચ અને પ્લેયર ઓફ ધ સીરિઝના ખિતાબથી નવાજવામાં આવ્યા હતા. મેચ અને સીરિઝની જીત કરતાં પણ શ્રેયસ અય્યર દ્વારા અફઘાનિસ્તાની કેપ્ટનને આપવામાં આવેલું માન-સન્માન આખી સીરિઝનું સૌથી મોટું આકર્ષણ બની રહ્યું.

## ગાજિયાબાદઃ નકલી ફેક્ટરીમાંથી ૨૧૦૦ કિલો કાળા મરી જપ્ત કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

ગાજિયાબાદ, તા.૧૮

ઉત્તર પ્રદેશના ગાજિયાબાદ લોની બોર્ડર વિસ્તારમાં ખાદ્ય સુરક્ષા સાથે ભયંકર ભેળસેળ સામે આવી છે. પોલીસ અને ખાદ્ય સુરક્ષા અને ઔષધિ પ્રશાસનની સંયુક્ત ટીમે દરોડા પાડી એવી ફેક્ટરીનો ખુલાસો કર્યો છે, જ્યાં વાહિયાત ક્વાલિટીના કાળા મરીને ગુંદર, મેંદો અને રિફાઈન્ડ તેલની મદદથી ચમકદાર અને સારી ગુણવત્તાવાળા કાળા મરી જેવા તૈયાર કરવામાં આવતા હતા. કાર્યવાહી દરમિયાન ટીમે મોટી માત્રામાં કાચો અને તૈયાર માલ જપ્ત કર્યો છે. ઘટનાસ્થળેથી લગભગ ૩૦૦૦ કિલો મેંદો, ૯૦૦ કિલો ગુંદર, ૧૨૦૦ કિલો નાના દાણાવાળા કાળા મરી અને ૯૭૫ કિલો તૈયાર ચમકદાર કાળા મરી જપ્ત કર્યા છે. આ ઉપરાંત ચમક વધારવા માટે ઉપયોગમાં લેવામાં આવતું રિફાઈન્ડ સોયાબીન ઓઈલ પણ ૩૭ ટન કન્ટેનર જપ્ત થયા છે.

આ આખો વેપાર લોની બોર્ડર વિસ્તારમાં સેવાધામ, બેહટા, હાજીપુરમાં આવેલા કેહર ફાર્મ હાઉસમાં ચાલી રહ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, વેપારી લોકેશ ગુપ્તા, બુદ્ધ વિહાર, દિલ્હીથી અડીને આવેલા વિસ્તારના રહેવાસી છે. જપ્ત કરવામાં આવેલી સામગ્રીની કુલ કિંમત ૧૩ લાખ, ૩૪ હજાર રૂપિયા હોવાનું કહેવાય છે. હાલમાં ખાદ્ય સુરક્ષા વિભાગની ટીમ જપ્ત નમૂનાની તપાસ કરી આગળની કાર્યવાહીમાં લાગી ગઈ છે. તપાસ દરમિયાન ઘટનાસ્થળેથી ૧૨૦૦ કિલો નાના દાણાવાળા કાળા મરી મળ્યા છે. ટીમે ઘટનાસ્થળે પહોંચી બધો માલ જપ્ત કરી લીધો છે.

# હવામાન વિભાગની આગાહીઃ ગુજરાત સહિત દેશના ૧૪ રાજ્યોમાં આજે ધોધમાર વરસાદનું એલર્ટ

### ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશેઃ આ ભારે વરસાદને કારણે ખેડૂતોને પાકને નુકસાન થવાની પણ આશંકા





(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૮**

હવામાન વિભાગે ફરી એકવાર વરસાદને લઈ ચેતવણી જારી કરીછે. હવામાન વિભાગની આગાહી મુજબ, આવતીકાલે ૧૯ સપ્ટેમ્બરના રોજ ઉત્તર પ્રદેશ અને બિહાર સહિત ૧૪ રાજ્યોમાં મુશળધાર વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન ૭૦ થી ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તોફાની પવન ફૂંકાશે. પર્વતીય રાજ્યો માટે ભૂસ્ખલનની ચેતવણી જારી કરવામાં આવી છે. પૂર્વીય ભારતીય રાજ્યો માટે વીજળી પડવાની અને વાવાઝોડાની ચેતવણી જારી કરવામાં આવી છે. ખેડૂતો અને માછીમારોને સલામત સ્થળોએ જવાની સલાહ આપવામાં આવી છે. આ દરમિયાન, બંગાળની ખાડીમાંથી ફૂંકાતા ભારે પવન લોકોની સમસ્યાઓમાં વધારો કરી શકે છે. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ ની આસપાસ પશ્ચિમ રાજસ્થાનના ભાગોમાંથી દક્ષિણપશ્ચિમ ચોમાસાની વિદાય માટે પરિસ્થિતિઓ અનુકૂળ બની રહી છે. ઉત્તરીય આંતરિક તમિલનાડુ અને આસપાસના વિસ્તારોમાં ઉપરી હવા ચક્રવાતી પરિભ્રમણ ચાલુ છે. આવતીકાલે, ૧૯ સપ્ટેમ્બરે અન્ય રાજ્યોમાં હવામાન કેવું રહેશે. હવામાન આગાહીઓ વિશે વિગતવાર જાણીએ.

હવામાન વિભાગની આગાહી મુજબ ૧૯ સપ્ટેમ્બરે ૧૪ રાજ્યો માટે ભારે વરસાદ અને વાવાઝોડાની ચેતવણી જારી કરવામાં આવી છે. જેમાં ઉત્તર પ્રદેશ, બિહાર, દિલ્હી, રાજસ્થાન, પંજાબ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા, મધ્ય પ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે. આ સમયગાળા દરમિયાન ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. આ ભારે વરસાદને કારણે ખેડૂતોને પાકને નુકસાન થવાની પણ આશંકા છે.

મધ્ય પ્રદેશમાં ભારે વરસાદ અને વાવાઝોડાની ચેતવણી : દેવાસ, હરદા, ધાર, વિદિશા, સાગર, ઈન્દોર, બાલાઘાટ, ખંડવા, સિઓની, હોશંગાબાદ, ખરગોન, ભોપાલ, બેતુલ અને ખંડવા માટે ભારે વરસાદ અને વાવાઝોડાની ચેતવણી જારી કરવામાં આવી છે. ૪૫ થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. ભોપાલમાં આવતીકાલે, ૧૯ સપ્ટેમ્બરના રોજ મહત્તમ તાપમાન ૨૭ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૩ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચશે.

મહારાષ્ટ્રમાં ધુળે, નાસિક, પાલઘર, ગઢચિરોલી, થાણે, રત્નાગિરિ, સિંધુદુર્ગ, નંદુરબાર અને મુંબઈ માટે ભારે વરસાદ અને ભારે પવનની ચેતવણી જારી કરવામાં આવી છે. ૩૦ થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે જોરદાર પવન ફૂંકાશે. દરમિયાન, મુંબઈમાં આવતીકાલે ૧૯ સપ્ટેમ્બરના રોજ મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૬ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચશે.

# ૨૮ વર્ષ બાદ મમતા બેનરજી બંગાળ પેટા ચૂંટણીમાં નવા નામ અને સિમ્બોલ સાથે લડશેઃ બંને જૂથને નવા પ્રતિક મળ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૮**

પશ્ચિમ બંગાળના રાજકારણમાં લગભગ ૨૮ વર્ષથી પ્રભુત્વ ધરાવતી તૃણમૂલ કોંગ્રેસના ઐતિહાસિક ભંગાણ બાદ ચૂંટણી પંચે બંને જૂથોને વચગાળાના નવા નામ અને ચૂંટણી પ્રતીકોની ફાળવણી કરી દીધી છે. પક્ષનું મૂળ નામ અને પારંપરિક ચૂંટણી ચિહ્ન 'જોડા ઘાસ-ફૂલ' (flowers and grass) ફ્રીઝ કર્યાના બીજા દિવસે, ચૂંટણી પંચે ૬ ઓક્ટોબરે યોજાનારી પશ્ચિમ બંગાળ વિધાનસભાની પેટાચૂંટણી માટે બંને પક્ષોને નવી રાજકીય ઓળખ આપી છે.

ચૂંટણી પંચના નિર્દેશ મુજબ શુક્રવારે સવારે ૧૧:૦૦ વાગ્યા સુધીમાં બંને જૂથોએ પોતપોતાની પસંદગીના ત્રણ નામ અને ત્રણ ઉપલબ્ધ ચિહ્નોની યાદી રજૂ કરી હતી. તેના આધારે ચૂંટણી પંચે પેટાચૂંટણી પૂરતી કામચલાઉ વ્યવસ્થા મંજૂર કરી છે.

વર્ષ ૧૯૯૮માં કોંગ્રેસમાંથી અલગ થઈને મમતા બેનરજીએ તૃણમૂલ કોંગ્રેસની સ્થાપના કરી ત્યારથી હાથથી દોરેલું 'જોડા ઘાસ-ફૂલ' પક્ષની પાયાની ઓળખ રહ્યું છે. છેલ્લા ૨૮ વર્ષમાં પહેલીવાર મતપત્રકો અને ચૂંટણી પ્રચારમાંથી આ પરંપરાગત પ્રતીક હટાવી દેવામાં આવ્યું છે. આ નિર્ણય સામે મમતા જૂથે તીવ્ર નારાજગી વ્યક્ત કરી છે. પક્ષના સાંસદ કલ્યાણ બેનરજીએ આ આદેશને ગેરકાયદે અને કાયદા વિરુદ્ધનો ગણાવ્યો છે.

અમે આ આદેશ સ્વીકારતા નથી. તેમાં અસંખ્ય કાયદાકીય ક્ષતિઓ છે અને સાચા તથ્યો રજૂ કરવામાં આવ્યા નથી. જોકે, ચૂંટણી પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને વચગાળાની વ્યવસ્થા તરીકે આપણે તેનો કામચલાઉ સ્વીકાર કરવો પડી શકે છે. - કલ્યાણ બેનરજી, સાંસદ, TMC

બીજી તરફ, બળવાખોર જૂથના નેતા, પશ્ચિમ બંગાળ વિધાનસભાના ચીફ વ્હીપ અને ધારાસભ્ય અખરુઝ્ઝમાન અન્સારીએ ચૂંટણી પંચના આદેશનું સ્વાગત કર્યું હતું. અમે ચૂંટણી પંચના આદેશનો સ્વીકાર કરીએ છીએ. અલબત્ત, અમે જૂનું પ્રતીક ઈચ્છતા હતા. પરંતુ અમને પૂરો વિશ્વાસ છે કે અંતિમ ચુકાદા બાદ અમારા જૂથને જ પક્ષનું સત્તાવાર અને મૂળ નામ



તેમજ પ્રતીક પ્રાપ્ત થશે. — અખરુઝ્ઝમાન અન્સારી, ધારાસભ્ય અને ચીફ વ્હીપ

મે મહિનામાં પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં પરાજયનો સામનો કર્યા બાદ પક્ષના સંગઠન અને ધારાસભ્ય દળમાં સત્તા સંઘર્ષ ભડકી ઊઠ્યો હતો. પક્ષના ૨૮ વર્ષના ઈતિહાસમાં સર્જાયેલા આ વિખવાદના મુખ્ય તબક્કા નીચે મુજબ રહ્યા.

૫૮ ધારાસભ્યોનો મમતા બેનરજી સામે બળવોઃ પક્ષમાંથી હાંકી કઢાયેલા નેતા ઋતબ્રત બેનરજીના નેતૃત્વમાં ૫૮ બળવાખોર ધારાસભ્યોએ મમતા જૂથના ઉમેદવાર સોવનદેવ ચટ્ટોપાધ્યાયને બદલે ઋતબ્રત બેનરજીને વિધાનસભામાં નેતા પ્રતિપક્ષ તરીકે ચૂંટી કાઢ્યા, જેને સ્પીકરે પણ માન્યતા આપી. વરિષ્ઠ ધારાસભ્ય અરૂપ રોયને સમાંતર નેતૃત્વના અધ્યક્ષ બનાવવામાં આવ્યા. ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે હાલ પૂરતી આ વચગાળાની વ્યવસ્થા માત્ર આગામી પેટાચૂંટણી પૂરતી સીમિત છે. પક્ષના અસલી વારસદાર કોણ છે અને 'જોડા ઘાસ-ફૂલ'નું ચિહ્ન કાયમી રીતે કોના ફાળે જશે તેનો આખરી નિર્ણય વર્તમાન કાયદા હેઠળ હાથ ધરાનારી વિસ્તૃત સુનાવણી બાદ જ લેવાશે.

### TMCનું ચૂંટણી ચિહ્ન ફ્રીઝ કરાતા રાહુલ ગાંધી ભડક્યા

## ભાજપ અને ચૂંટણી પંચ સાથે મળીને પાર્ટી તોડે છે



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૮**

ભારતીય રાજકારણમાં પક્ષપલટો અને ચૂંટણી પ્રતીકોને લઈને ચાલતી ખેંચતાણ હવે પશ્ચિમ બંગાળના મુખ્ય રાજકીય પક્ષ તૃણમૂલ કોંગ્રેસ સુધી પહોંચી ગઈ છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા TMCનું નામ અને ચૂંટણી ચિહ્ન બંને જૂથો માટે ફ્રીઝ કરવાનો આદેશ આપવામાં આવતાં જ દેશનું રાજકીય તાપમાન વધી ગયું છે. લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ આ સમગ્ર મામલે કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ સામે મોરચો માંડ્યો છે.

તૃણમૂલ કોંગ્રેસના વિવાદ પર લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ આ સમગ્ર ઘટનાક્રમને એક પૂર્વઆયોજિત પેટર્ન ગણાવી છે. તેમણે કહ્યું કે, પહેલા શિવસેના, પછી NCP અને હવે તૃણમૂલ કોંગ્રેસ. દરેક વખતે એક જ પેટર્ન, ભાજપ અને ચૂંટણી પંચ મળીને એક પાર્ટીને તોડે છે. ત્યારબાદ તેનું ચૂંટણી ચિહ્ન છીનવી લેવામાં આવે છે. જ્યારે આખેઆખી પાર્ટી ચોરી થઈ શકે છે, તો કરોડો ભારતીયોના મત ચોરી થવા એ પણ કોઈ આશ્ચર્યની વાત નથી. વોટ ચોરી. સરકાર ચોરી. હવે પાર્ટી ચોરી. આ આપણા લોકશાહીના પતનનું પ્રતીક બની ગયા છે. ચૂંટણી પંચની બંધારણીય જવાબદારીઓ પર પ્રહાર કરતાં રાહુલ ગાંધીએ જણાવ્યું કે, ચૂંટણી પંચનું કામ જનાદેશનું રક્ષણ કરવાનું છે, પરંતુ વાસ્તવિકતામાં એવા પરિબળોને સહયોગ મળી રહ્યો છે જે જનતાના નિર્ણયને પલટી નાખે છે. આ સંઘર્ષ માત્ર મમતા બેનરજી પૂરતો સીમિત નથી, પરંતુ સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી પ્રક્રિયામાં વિશ્વાસ ધરાવતા દેશના દરેક રાજકીય પક્ષ અને પ્રત્યેક મતદારનો સંઘર્ષ છે.


ભારતના ચૂંટણી પંચે લીધેલા વચગાળાના નિર્ણય અનુસાર તૃણમૂલ કોંગ્રેસના બંને પક્ષો માટે પાર્ટીનું સત્તાવાર નામ અને ચૂંટણી ચિહ્ન હાલ પૂરતું ફ્રીઝ કરી દેવાયું છે. જ્યાં સુધી આયોગ દ્વારા અંતિમ ચુકાદો ન આવે ત્યાં સુધી મમતા બેનરજી કે ઋતબ્રત બેનરજી કોઈપણ ચૂંટણીમાં TMCનું નામ કે તેના પ્રતીકનો ઉપયોગ કરી શકશે નહીં.

# વર્તમાન પ્રવાહ CORPORATE NEWS

## વરમોરા ગ્રેનિટો લિમિટેડનો આઈપીઓ મંગળવાર ૨૨ સપ્ટેમ્બરે ખુલશે

(**વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક**)

**સુરત, તા.૧૮:** વરમોરા ગ્રેનિટ લિમિટેડ તેના ઈક્વિટી શેર્સના આઈપીઓના સંદર્ભે બિડ/ઓફર મંગળવાર, ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ખોલશે. બિડ/ઓફર ગુરુવાર, ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ સોમવાર, ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ રહેશે. બિડ્સ લઘુતમ ૧૦૧ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૧૦૧ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાશે. વર્મોરા ગ્રેનિટો લિમિટેડના રૂ.૨ની ફેસ વેલ્યૂ ધરાવતા પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ.૧૪૦થી રૂ.૧૪૮નો નક્કી કરવામાં આવ્યો છે. ઈક્વિટી શેરની ફેસ વેલ્યૂની સરખામણીમાં ફલોર પ્રાઈઝ ૭૦ ગણી અને કેપ પ્રાઈઝ ૭૪ ગણી નક્કી કરવામાં આવ્યો છે.




આ ઓફરમાં રૂ.૨ની ફેસ વેલ્યૂ ધરાવતા વધુમાં વધુ(●) ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ સામેલ છે, જેની કુલ કિંમત વધુમાં વધુ રૂ.૩,૨૦૦.૦૦ મિલિયન છે. આ ઉપરાંત, કેત્સુરા ઈન્વેસ્ટમેન્ટ્સ દ્વારા રૂ.૨ની ફેસ વેલ્યૂ ધરાવતા વધુમાં વધુ ૨,૬૨,૧૭,૬૩૪ ઈક્વિટી શેરની વેચાણ માટેની ઓફર પણ સામેલ છે.

આ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ મારફતે ઓફર કરવામાં આવેલા ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ લિમિટેડ ("BSE") અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ("NSE", together with BSE, the "Stock Exchanges") પર કરવાનો પ્રસ્તાવ છે. આ ઓફર માટે એનએસઈ ડેઝિગ્નેટેડ સ્ટોક એક્સચેન્જ છે.

જેએમ ફાઈનાન્શિયલ લિમિટેડ, ગોલ્ડમેન સાક્સ (ઈન્ડિયા) સિક્યોરિટીઝ પ્રાઈવેટ લિમિટેડ અને એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ આ ઈશ્યૂના બૂક રનિંગ લીડ મેનેજર છે.

## ટાટા AIA લાઈફ ઈન્શ્યોરન્સે Shubh SIP લોંચ કરી

(**વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક**)

**સુરત, તા.૧૮**

ટાટા AIA લાઈફ ઈન્શ્યોરન્સેટાટા AIA Shubh SIP લોંચ કરી છે, જે એક યુનિટ-લિંક્ડ ઈન્શ્યોરન્સ પ્લાન(ULIP) છે, જેને વેલ્થ ક્રિએશન, પ્રોટેક્શન અને રિટાયરમેન્ટ પ્લાનિંગને એક જ ફ્લેક્સિબલ સોલ્યુશન આપવા માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે.

આ લોંચ અંગે ટિપ્પણી કરતાં ટાટા AIG લાઈફ ઈન્શ્યોરન્સના ચીફ બિઝનેસ ઓફિસર-પાર્ટનરશિપ ડિસ્ટ્રીબ્યુશન અને ગ્રુપ બિઝનેસ, શ્રી જીલાની બાશાએ જણાવ્યું હતું કે, ''ટાટા AIG Shubh SIP સાથે અમારો ઉદ્દેશ આ બદલાતી જરૂરિયાતોને એક જ ફ્લેક્સિબલ સોલ્યુશન રજૂ કરવાના હતા, જેથી લોકો તેમની ફાયનાન્શિયલ જર્ની આગળ જાળવી રાખી શકાય અને તેને જીવનના દરેક પડાવ પર ફરીથી શરૂ કરવી ન પડે.''

ટાટા AIA શુભ SIPના ચાવીરૂપ વિશેષતા- લોયલ્ટી એડિશન અને મેચ્યોરિટી બૂસ્ટર



સાથે માર્કેટ-લિંક્ડ વેલ્થ ક્રિએશન, પસંદ કરવામાં આવેલ વિકલ્પના આધાર પર 1x, 2x અને 3x મલ્ટીપ્લાયર સાથે પ્રીમિયમ માફીનો ફાયદો, આશ્રિત માટે વધારાની માસિક આવકને લગતા ફાયદા (ફેમિલી ઈનકમ કન્ટીન્યુએશન બેનિફિટ), ૬૦ વર્ષની ઉંમરથી ઓટોમેટીક SWP સાથે રિટાયરમેન્ટ/પૂરા લાઈફને લગતો વિકલ્પ, જરૂરિયાત પ્રમાણે આંશિક ઉપાડ અને ઓટોમેટિક આંશિક ઉપાડની સુવિધા,૧૫,૨૦,૨૫ અથવા ૩૦ વર્ષ માટે નોમિની કન્ટીન્યુએશન અધિકાર અને નોમિની સેટલમેન્ટને લગતા વિકલ્પ.

આ પ્લાન લોકોને માર્કેટ સાથે લિંક્ડ ફંડનું નિર્માણ કરવા, પરિવાર માટે ફાયનાન્શિયલ સુરક્ષા મજબૂત કરવા અને રિટાયરમેન્ટ સમયે વ્યવસ્થિત રીતે પૈસાને ઉપાડવાને લગતું આયોજન કરવામાં મદદ કરે છે. Tata AIAએ ભારતના અગ્રણી ઓનલાઈન ઈન્શ્યોરન્સ પ્લેટફોર્મ પૈકી એક Policybazaar સાથે પણ ભાગીદારી કરી છે, જેથી લાંબા સમય માટે ફાયનાન્શિયલ સોલ્યુશન્સ ઈચ્છતા લોકોને Tata AIA Shubh SIP ડિજીટલ રીતે ઉપલબ્ધ કરાવી શકાય છે.

# પાકિસ્તાન: ખૈબર પખ્તુનખ્વામાં નમાજ દરમિયાન આત્મઘાતી બ્લાસ્ટ; ૧૫ લોકોના મોત



## વિસ્ફોટકથી ભરેલી એક કાર જૂની પોલીસ લાઇન્સના ગેટ સાથે અથડાઈ, કાર અથડાયા પછી જોરદાર બ્લાસ્ટ થયો અને ગોળીબાર પણ થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઈસ્લામાબાદ, તા.૧૮**

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વાના કોહાટમાં પોલીસ લાઈન પાસે મોટો બ્લાસ્ટ થયો છે. જેમાં ૧૫ લોકોના મોત થયા છે, જ્યારે ૫૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. જેમાં પોલીસકર્મીઓ પણ સામેલ છે. પોલીસના જણાવ્યા અનુસાર, બ્લાસ્ટ શુક્રવારની નમાજ દરમિયાન થયો હતો. વિસ્ફોટ એટલો જોરદાર હતો કે મસ્જિદની બહાર મોટો ખાડો પડી ગયો. બહારનો ભાગ ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત થયો અને એક દીવાલ પણ પડી ગઈ.

ખૈબર પખ્તુનખ્વાના IGએ જણાવ્યું કે વિસ્ફોટકથી ભરેલી એક કાર જૂની પોલીસ લાઈન્સના ગેટ સાથે અથડાઈ. કાર અથડાયા પછી જોરદાર બ્લાસ્ટ થયો અને ગોળીબાર પણ થયો. હોસ્પિટલ તંત્ર મુજબ ૧૫ મૃતદેહ અને ૫૦થી વધુ ઈજાગ્રસ્તોને લાવવામાં આવ્યા છે. સારવાર માટે હોસ્પિટલમાં ઈમરજન્સી લાગુ કરી દેવામાં આવી છે. પોલીસે કોહાટ-હંગુ રોડને તમામ પ્રકારની અવરજવર માટે બંધ કરી દીધો છે. પોલીસ લાઈન આસપાસ વધારાનું પોલીસ બળ તૈનાત કરવામાં આવ્યું છે. રેસ્ક્યૂ અધિકારીઓના જણાવ્યા અનુસાર, બ્લાસ્ટથી આસપાસની ઈમારતોને પણ નુકસાન પહોંચ્યું છે.

ઘટનાસ્થળે રાહત અને બચાવ કામગીરી ચાલુ છે. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે કોહાટ પોલીસ લાઈન્સમાં થયેલા બ્લાસ્ટની નિંદા કરી છે. સંબંધિત અધિકારીઓ પાસેથી બ્લાસ્ટના સ્વરૂપ અને તેના કારણો અંગે રિપોર્ટ પણ માગ્યો છે. રાહત અને બચાવ કામગીરી ઝડપી કરવાની સાથે અસરગ્રસ્ત લોકોને તમામ શક્ય મદદ પૂરી પાડવાનો નિર્દેશ આપ્યો.

સારવાર માટે હૉસ્પિટલમાં ઈમરજન્સી લાગુ કરી દેવામાં આવી છે.

પોલીસે કોહાટ-હંગુ રોડને તમામ પ્રકારની અવરજવર માટે બંધ કરી દીધો છે. પોલીસ લાઈન આસપાસ વધારાનું પોલીસ બળ તૈનાત કરવામાં આવ્યું છે. રેસ્ક્યૂ અધિકારીઓના જણાવ્યા અનુસાર, બ્લાસ્ટથી આસપાસની ઈમારતોને પણ નુકસાન પહોંચ્યું છે. ઘટનાસ્થળે રાહત અને બચાવ કામગીરી ચાલુ છે.

# મશીન જ બનાવી રહ્યા છે રોબોટ, ચીને ખોલી ફેક્ટરીઃ દર ૧૦ મિનિટે બનાવશે રોબોટ



(સંપૂર્ણ સમાચાર સેવા)

**બેઈજીંગ, તા.૧૮:** દુનિયાભરના વૈજ્ઞાનિકો અને નિષ્ણાતો વચ્ચે આ ચર્ચા ચાલી રહી છે કે રોબોટિક્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર જે ઝડપથી કામ થઈ રહ્યું છે. તેની ગતિ ધીમી કરવી જોઈએ તેની સાથે જ, આ ટેક્નોલોજી પર માનવ નિયંત્રણ સુનિશ્ચિત કરવા માટે ઠોસ પગલાં ભરવા જોઈએ, પરંતુ ચીને પહેલા તો આ ગતિ ધીમી કરવાનો ઈનકાર કર્યો અને હવે તેણે એક એવી રોબોટ ફેક્ટરીનું ઉદ્ઘાટન કર્યું છે, જે દર ૧૦ મિનિટે એક રોબોટ બનાવી શકે છે. આખરે ચીનની શું યોજના છે? રોબોટિક્સની આ હોડથી તેને શું ફાયદો મળવાનો છે?

ચીનની રોબોટિક શક્તિ કેટલી વધી ચૂકી છે, તેનો નજારો તેણે ગયા મહિને યોજાયેલી બીજી વર્લ્ડ હ્યુમનોઈડ રોબોટ ગેમ્સમાં બતાવી દીધો હતો. આ ગેમ્સમાં ૨,૦૦૦ રોબોટ્સે માણસોની જેમ અનેક પ્રકારના કરતબ બતાવ્યા અને રમતગમતના અનેક વર્લ્ડ રેકોર્ડ તોડ્યા. આ જોઈને દુનિયા આશ્ચર્યચકિત રહી ગઈ. જ્યારે ૨૦૨૫ની આ જ રોબોટિક ગેમ્સમાં ચીનના મોટાભાગના રોબોટ્સ પોતાનું ટાસ્ક પણ યોગ્ય રીતે પૂર્ણ કરી શકતા નહોતા. કોઈ લથડાઈને પડી રહ્યું હતું, તો કોઈ દિવાલ સાથે અથડાઈ રહ્યું હતું, પરંતુ ઓગસ્ટ ૨૦૨૬માં યોજાયેલી ગેમ્સમાં ચીને બતાવી દીધું કે તે રોબોટિક્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ક્ષેત્રમાં અમેરિકા અને યુરોપિયન દેશોથી આગળ નીકળી ચૂક્યું છે.

ચીની મીડિયાના અહેવાલો અનુસાર, આ ફેક્ટરીને એક ડિજિટલ સિસ્ટમ સંચાલિત કરે છે, જેને UBTECH પોતાનું ‘સ્માર્ટ બ્રેઈન’ કહે છે.

કંપનીના જણાવ્યા અનુસાર, આ સિસ્ટમ ફેક્ટરીના સંચાલનમાં મદદ કરે છે. શું બનાવવાનું છે તેનો નિર્ણય લેવાથી લઈને પાર્ટ્સને એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડવા અને તૈયાર રોબોટ્સની ગુણવત્તાની તપાસ કરવા સુધીની પ્રક્રિયામાં આ સિસ્ટમ મદદ કરે છે. દરેક રોબોટને તેનો અલગ સીરિયલ નંબર પણ આપવામાં આવે છે. હ્યુમનોઈડ રોબોટ ગેમ્સમાં જેટલા પણ પાર્ટિસિપન્ટ્સ હતા, તેમાંના મોટાભાગના રોબોટ્સ આ જ કંપની દ્વારા બનાવવામાં આવ્યા હતા અને જે રીતે આ રોબોટ્સે ગેમ્સમાં પ્રદર્શન કર્યું, તેનાથી સ્પષ્ટ છે કે માત્ર એક વર્ષના સમયગાળામાં તેમાં કેટલું પરફેક્શન લાવવામાં આવ્યું છે. ફેક્ટરીમાંથી કોઈ હ્યુમનોઈડ રોબોટ બહાર આવે તે પહેલાં તેની વિસ્તૃત તપાસ કરવામાં આવે છે. આ તપાસમાં લગભગ ચાર કલાકનો સમય લાગે છે. ત્યાર બાદ તેની ૩૬૦ ડિગ્રી વિઝ્યુઅલ ઈન્સ્પેક્શન કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં રોબોટની બહારની સ્થિતિ અને તેની બનાવટની દરેક ખૂણેથી તપાસ કરવામાં આવે છે. ચીન AI અને રોબોટિક્સ પર પોતાનું કામ વધુ ઝડપથી ચાલુ રાખશે. ચીનની સરકાર તરફથી આ અંગે જાહેરાત પણ કરવામાં આવી છે. આવું એવા સમયે થઈ રહ્યું છે જ્યારે દુનિયાભરમાં AIના જોખમોને લઈને ચર્ચા ચાલી રહી છે અને તેના કારણે માનવજાતના અસ્તિત્વ પર ઊભા થઈ શકે તેવા ખતરાઓ અંગે પણ ચર્ચા થઈ રહી છે.

ચીને સ્પષ્ટ કરી દીધું છે કે તે કોઈપણ કિંમતે છૈં પર ચાલી રહેલા પોતાના કામની ગતિ ધીમી નહીં કરે. બીજી તરફ, ટ્રમ્પે પણ સ્પષ્ટ કર્યું છે કે તેઓ અમેરિકન કંપનીઓને પોતાની ગતિ ધીમી કરવા નહીં કહે, કારણ કે જો આવું કરવામાં આવ્યું તો છૈં અને રોબોટિક્સના ક્ષેત્રમાં અમેરિકા ચીનથી પાછળ રહી શકે છે.

# અમેરિકાએ ઈરાન સમર્થક હુથીઓ સાથે કરી "ડીલ", અમેરિકાએ સાઉદીનો ખેલ પાડી દીધો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વોશિંગ્ટન, તા.૧૮:** યમનમાં હુથી વિદ્રોહીઓ સામે સંઘર્ષ કરી રહેલા સાઉદી અરેબિયા માટે હવે આંતરરાષ્ટ્રીય સ્તરે મુશ્કેલીઓ વધી રહી છે. સાઉદીના સૌથી મોટા સહયોગી અમેરિકા અને ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓ વચ્ચે સીધા સંપર્ક અને બેઠકોની વિગતો સામે આવી છે. ઓમાનની મધ્યસ્થતામાં રાજધાની મસ્કતમાં યોજાયેલી આ બેઠકમાં હુથી તરફથી મોહમ્મદ અબ્દુસલામ અને અબ્દેલમલિક અલ-અજીરી જેવા વરિષ્ઠ નેતાઓ સામેલ થયા હતા. અમેરિકી ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે પણ પુષ્ટિ કરી છે કે અમેરિકા હુથીઓ સાથે સીધી વાતચીત કરી રહ્યું છે અને પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે. જોકે હજુ સુધી કોઈ ઔપચારિક કરારની સત્તાવાર જાહેરાત થઈ નથી, પરંતુ રાજદ્વારી વર્તુળો અનુસાર બંને પક્ષો વચ્ચે અનૌપચારિક સમજૂતી બની ચૂકી છે. હુથીઓએ અમેરિકાને ખાતરી આપી છે કે તેઓ અમેરિકી અને અન્ય આંતરરાષ્ટ્રીય જહાજોને નિશાન નહીં બનાવે તેમજ અગાઉ થયેલા યુદ્ધવિરામનું પાલન કરશે. બીજી તરફ, હુથીઓએ ઈઝરાયેલ, સાઉદી અરેબિયા અને સાઉદીનું તેલ લઈ જતા ટેક્રો પર હુમલા ચાલુ રાખવાની ખુલ્લી ધમકી આપી છે. ઈરાન સાથેના તણાવ વચ્ચે અમેરિકા લાલ સાગરમાં પોતાના જહાજોને સુરક્ષિત રાખવા અને હુથીઓ સાથેના સીધા સૈન્ય સંઘર્ષથી બચવા માંગે છે. આ ઘટનાક્રમ વચ્ચે હુથી વિદ્રોહીઓએ યમનના લાલ સાગર તટીય વિસ્તારમાં ઝડપી આગળ વધારો કરીને બાબ અલ-મંદેબ સ્ટ્રેટ નજીકના અનેક ટાપુઓ પર નિયંત્રણ મેળવી લીધું છે. આ દરિયાઈ માર્ગ સાઉદી અરેબિયાના ક્રૂડ ઓઈલની વૈશ્વિક નિકાસ માટે જીવનરેખા સમાન છે. આ જ દરમિયાન હુથી ડ્રોન અને મિસાઈલો સાઉદીના શહેરો અને તેલ સંસ્થાનો પર સતત ત્રાટકી રહ્યા છે, જેના કારણે પવિત્ર મક્કા શહેરમાં પણ ડ્રોન હુમલાનું એલર્ટ જારી કરવાની ફરજ પડી

# પાકિસ્તાનમાં લોકડાઉન જેવા નિયમો, રાત્રે ૯ વાગ્યે બજારો બંધ

## મધ્ય પૂર્વમાં કટોકટી વચ્ચે પાકિસ્તાન સરકારે ઇંધણ બચત અને ખર્ચ બચાવવાના પગલાં ફરીથી લાગુ કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઈસ્લામાબાદ, તા.૧૮**

ભારતનો પાડોશી દેશ હાલમાં તેલ સંકટનો સામનો કરી રહ્યો છે, જેની અસરો હવે સ્પષ્ટપણે દેખાઈ રહી છે. મધ્ય પૂર્વમાં કટોકટી વચ્ચે પાકિસ્તાન સરકારે ઈંધણ બચત અને ખર્ચ બચાવવાના પગલાં ફરીથી લાગુ કર્યા છે. કેબિનેટ વિભાગે ૧૭ સપ્ટેમ્બરના રોજ આ નિર્દેશો જાહેર કર્યા હતા, જે તાત્કાલિક અમલમાં આવશે, અને બજાર બંધ થવા પર અગાઉના નિયંત્રણો ઉપરાંત સરકારી ખર્ચ, સરકારી વાહનો અને વિદેશ મુસાફરી પર નવા નિયંત્રણો સામેલ છે.

**સરકારે લગાવ્યા આ પ્રતિબંધોઃ** લગ્નના ફંક્શનમાં હવે માત્ર એક જ ડીશ સર્વ કરવામાં આવશે. દુકાન, માર્કેટ, મોલ અને બજાર તેમજ કરિયાણાની દુકાન રાતના ૯ વાગ્યા સુધી ખુલ્લી રહેશે. મેરેજ હોલ તેમજ ઉત્સવના સ્થળો રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધીમાં બંધ કરવામાં આવશે. રેસ્ટોરન્ટ, કાફે, ખાણીપીણીની દુકાનો અને ફુડની દુકાનો રાત્રે ૧૧:૦૦ વાગ્યા સુધીમાં બંધ થઈ જશે. ફળ અને શાકભાજીની દુકાનો રાત્રે ૧૧:૦૦ વાગ્યા સુધીમાં બંધ થઈ જશે.




## સમંથાએ શેર કરી આધ્યાત્મિક અનુભવની તસવીરો

# સમંથા રૂથ પ્રભુએ પતિ રાજ નિદિમોરુ સાથે પરંપરાગત ‘સીમંતમ’ વિધિ કરી



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૮**

અભિનેત્રી સમંથા રૂથ પ્રભુએ પતિ અને દિગ્દર્શક રાજ નિદિમોરુ સાથે પરંપરાગત ‘સીમંતમ’ વિધિ કરી હતી. ડિસેમ્બર ૨૦૨૬માં પ્રથમ સંતાનના આગમનની તૈયારી કરી રહેલા દંપતીએ નજીકના મિત્રો અને પરિવારજનોની હાજરીમાં આ પરંપરાગત બૅબી શાવર સેરેમની યોજી હતી. સમંથાએ વિધિની તસવીરો શેર કરવાની સાથે તેની પાછળ રહેલા આધ્યાત્મિક અર્થ વિશે પણ વાત કરી હતી. આ પ્રસંગે સમંથાએ ડાર્ક યલો અને ગોલ્ડ રંગનો પરંપરાગત અનારકલી ડ્રેસ પહેર્યો હતો. પરંપરાગત જ્વેલરી અને વાળમાં તાજા ફૂલો સાથે તેનો લૂક જોવા મળ્યો હતો. રાજ નિદિમોરુ પણ વિધિમાં તેની સાથે જોડાયા હતા. મોગરાના ફૂલો અને પરંપરાગત દીવાઓથી સજાવાયેલા ખુલ્લા સ્થળે આ વિધિ યોજાયો હતો. આ પ્રસંગે ડિઝાઈનર શિલ્પા રેડ્ડી અને સ્ટાઈલિસ્ટ નીરજા કોના સહિતના નજીકના મિત્રો પણ ઉપસ્થિત રહ્યાં હતાં. સમંથાએ જણાવ્યું કે તે ભારતીય પરંપરાઓનું હંમેશાં સન્માન કરતી આવી છે, પરંતુ દરેક વિધિનો અર્થ તેને ખબર ન હતો. સીમંતમ દરમિયાન શ્રીવિદ્યા ઉપાસક પુરોહિતે દરેક મંત્ર અને વિધિનો અર્થ સમજાવ્યો, જેના કારણે તેને આ પરંપરાનું ઊંડાણ સમજાયું હતું. વિધિમાં ‘કલા આવરણ’ અથવા ‘શ્રી કલ્પમ’નો પણ સમાવેશ થયો હતો. સમંથાના જણાવ્યા અનુસાર, શ્રીવિદ્યા પરંપરા સાથે જોડાયેલી આ વિધિમાં દેવીની ૯૪ કલાઓનું સન્માન કરવામાં આવે છે. ‘શ્રી ચક્ર યંત્રમ’ અને ‘દેવી ખડ્ગમાળા’ના મંત્રોચ્ચાર પણ કરવામાં આવ્યા હતા. સમંથાએ આ અનુભવને વ્યક્તિગત અને આધ્યાત્મિક ગણાવતા કહ્યું કે વિધિ વિશે લગભગ અજાણ હોવા છતાં તે અંતે પોતાને અને આવનારા બાળક માટે વધુ આભારી અને સુરક્ષિત અનુભવતી હતી.

# અહાન પાંડે-અનીત પડ્ડાની લવ સ્ટોરીનું શૂટિંગ ઓક્ટોબરથી શરૂ



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૮**


૨૦૨૫ની હીટ લવસ્ટોરી’ સૈયારા’ની જોડી અનિત પડ્ડા અને અહાન પાંડેને લઈ મોહિત સૂરીએ તેમની બીજી લવસ્ટોરીનું શૂટિંગ ઓક્ટોબરથી શરૂ કરી દેશે. પહેલાં અંધેરીમાં આવેલાં વાયઆરએફ સ્ટુડિયોમાં ઓક્ટોબરથી ઈન્ડોર શૂટિંગ કરવામાં આવશે. એ પછી નવેમ્બરમાં આ ફિલ્મનું શૂટિંગ ગોવામાં શરૂ કરવામાં આવશે. નિર્માતાના અંદાજ અનુસાર ફિલ્મનું શૂટિંગ ડિસેમ્બર સુધીમાં પુરૂ કરી લેવામાં આવશે.દરમ્યાન અહાન પાંડેની અલી અબ્બાસ ઝફર નિર્દેશિત એક્શન ફિલ્મનું શૂટિંગ પણ ચાલી રહ્યું છે. અનિત પડ્ડાએ ૨૦૨૪માં બીગ ગર્લ્સ ડોન્ટ ક્રાય નામની સિરિઝ કરી હતી એ પછી તેની સૈયારા ફિલ્મ સાથે ફિલ્મી જગતમાં એન્ટ્રી પડી હતી. હવે અનિત પડ્ડા અને અહાન પાંડેની જોડી એક પરિપક્વ લવ સ્ટોરીમાં કામ કરવાની છે. તે સાથે આ કલાકારો ફક્ત વન ફિલ્મ વંડર છે કે ખરેખર લાંબી રેસના ખેલાડી પુરવાર થાય છે તે પણ સાબિત થઈ જશે.

# પ્રભાસની ‘ફૌજી’ હવે ફેબ્રુઆરી ૨૦૨૭માં રિલીઝ થાય એવી શક્યતા




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૮**

પ્રભાસની આગામી ફિલ્મ ‘ફૌજી’ની રિલીઝ તારીખમાં ફેરફાર થવાની શક્યતા છે. હનુ રાઘવપુડીના નિર્દેશનમાં બની રહેલી આ પિરિયડ એક્શન ડ્રામા અગાઉ ૩ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ થિએટર્સમાં આવવાની હતી. જોકે, ફિલ્મના વ્યાપક પોસ્ટ-પ્રોડક્શન કામને ધ્યાનમાં રાખીને હવે તેની રિલીઝ ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી લંબાવવાની ચર્ચા ચાલી રહી હોવાનાં અહેવાલો છે. આ અહેવાલો મુજબ, પ્રભાસ પોતાનું શૂટિંગ ટૂંક સમયમાં પૂરું કરે તેવી શક્યતા છે, પરંતુ ફિલ્મના કેટલાક મહત્વના ભાગોનું શૂટિંગ હજુ બાકી છે. આ ઉપરાંત પોસ્ટ-પ્રોડક્શન માટે પણ સમય જરૂરી હોવાથી નિર્માતાઓ ફેબ્રુઆરી ૨૦૨૭ની રિલીઝ તરફ આગળ વધી રહ્યા હોવાનું કહેવાય છે. જોકે, નવી તારીખ અંગે હજુ સુધી સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. ફિલ્મનાં ડિજિટલ રાઈટ્સ નેટફ્લિક્સ પાસે છે અને સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ સાથે રિલીઝ અંગેની ચર્ચા ચાલી રહી હોવાનું પણ અહેવાલમાં જણાવાયું છે. અંતિમ તારીખ ટૂંક સમયમાં જાહેર થવાની શક્યતા છે. ‘ફૌજી’માં પ્રભાસ બ્રિટિશ ભારતીય સૈનિકની ભૂમિકામાં જોવા મળશે. ઐતિહાસિક પૃષ્ઠભૂમિ ધરાવતી આ કાલ્પનિક વાર્તામાં ઈન્ટરનેટ પર્સનાલિટી ઈમાનવી મુખ્ય અભિનેત્રી તરીકે ડેબ્યુ કરી રહી છે. મિથુન ચક્રવર્તી, અનુપમ ખેર અને જયા પ્રદા પણ મહત્વનાં રોલમાં જોવા મળશે. પ્રભાસની છેલ્લી ફિલ્મ ‘ધ રાજા સાબ’ હતી, જેને દર્શકો અને વિવેચકો તરફથી મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. હવે તેની આગામી ફિલ્મોમાં સંદીપ રેડ્ડી વાંગાની ‘સ્પિરિટ’નો પણ સમાવેશ થાય છે. તૃપ્તિ ડિમરી અને વિવેક ઓબેરોય સાથેની આ ફિલ્મ ૫ માર્ચ, ૨૦૨૭ના રોજ રિલીઝ થવાની છે.



# આલિયાએ મહેશ ભટ્ટ સાથેની બાળપણની રમુજી યાદ કરી શેર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૮**

આલિયા ભટ્ટે પોતાની માતા સોની રાઝદાન અભિનિત ફિલ્મ ‘ઓમ કા હરી’ના સ્પેશિયલ સ્ક્રીનિંગ બાદ પિતા અને ફિલ્મમેકર મહેશ ભટ્ટ સાથે જોડાયેલી બાળપણની એક રમૂજી યાદ તાજી કરી હતી. આલિયાએ કહ્યું કે તેનાં પિતાનો વધારે પડતો નાટકીય અંદાજ ઘણી વખત પરિવાર માટે યાદગાર ક્ષણો ઊભી કરી દે છે. પોતાનાં બાળપણની વાત કરતા આલિયાએ કહ્યું, “મારા પિતા બહુ થિયેટ્રિકલ છે અને ક્યારેક એમાંથી બહુ સારા કિસ્સા બની જાય છે. હું જ્યારે પહેલાં ધોરણમાં હતી ત્યારે મારી સ્પેલિંગ ટેસ્ટ હતી અને કોઈ કારણસર મને ડર હતો કે હું ‘રી’નો સ્પેલિંગ ભુલી જઈશ. મારા પિતાએ એ સ્પેલિંગ મારા મગજમાં બેસાડી દેવાનું નક્કી કર્યું. મને એ ભુલાય નહીં એ માટે તેમણે બહુ નાટકીય હાવભાવ સાથે મને શીખવ્યું. મને આજે પણ યાદ છે, તેઓ એક ગ્રિઝલી બેર જેવા, ખૂબ જ થિયેટ્રિકલ અને મજાના લાગતા હતા.”હરીશ વ્યાસના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મમાં અંશુમન ઝા અને રઘુબીર યાદવ ફિલ્મમાં હરી અને ઓમના રોલમાં છે. વાર્તામાં સ્વતંત્ર વિચાર ધરાવતા પુત્ર હરી અને તેના કડક સ્વભાવના પિતા ઓમ વચ્ચેના સંબંધને કેન્દ્રમાં રાખવામાં આવ્યો છે. ફિલ્મનું નિર્માણ ફર્સ્ટ રે ફિલ્મ્સે કર્યું છે અને ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ થિએટ્ર્સમાં રિલીઝ થશે.

# સરીગામ જીઆઈડીસીમાં નિયમોનો ધજાગરા ઉડાવતા ઔદ્યોગિક એકમો સામે પગલાં ભરવાની આવશ્યકતા

## સરીગામ જીઆઈડીસીમાં 'શ્રી વર્ધન મલ્ટી ટેક' સહિતની અનેક કંપનીઓ લોડિંગ અનલોડીંગ કરવાની કામગીરી દરમિયાન રસ્તા ઉપર વાહનો ઉભા રાખી રસ્તો બ્લોક કરતા અન્ય કંપનીના વાહન ચાલકોને મુસીબતનો સામનો કરવાની પડી રહેલી ફરજ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૧૮**

સરીગામ જીઆઈડીસીના એન્જિનિયરિંગ ઝોનમાં આવેલા પ્લોટ નંબર સી૧/૬૧૮ અને સી૧/૬૨૦ ખાતે કાર્યરત 'શ્રી વર્ધન મલ્ટી ટેક' નામની કંપની દ્વારા મુખ્ય રસ્તા પર વાહનો ઉભા રાખી લોડિંગ-અનલોડિંગ કરવામાં આવતા અન્ય ઔદ્યોગિક એકમોના વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. સ્થળ પરની સ્થિતિ અને ફોટોગ્રાફી પરથી સ્પષ્ટ દેખાઈ આવે છે કે, કંપનીના પોતાના પ્રેમાઈસીસમાં વાહન ઉભું રાખવા માટે સહેજ પણ જગ્યા ઉપલબ્ધ નથી, જે એ વાતની સાક્ષી પૂરે છે કે કંપનીએ કાયદાકીય નિયમો ગોબાચારી કરીને ૧૦૦% થી વધુ બાંધકામ કરી દીધું છે.

આ ગેરકાયદેસર પ્રવૃત્તિના કારણે માલ-સામગ્રી ભરેલા અન્ય વાહનોને કલાકો સુધી રાહ જોવાની અથવા તો પરત ફરવાની ફરજ પડી હતી, જેનાથી સમગ્ર વિસ્તારમાં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

આ ગંભીર સમસ્યા માત્ર આ એક કંપની પૂરતી સીમિત નથી. સરીગામ જીઆઈડીસીના એન્જિનિયરિંગ ઝોન તેમજ ખાસ કરીને પ્રદૂષણ ઓકતા કેમિકલના એકમોમાં નિયમોનું ઉલ્લંઘન કરવું એ આદત બની ગઈ છે. જ્યારે પણ કોઈ ફેક્ટરીમાં આગ લાગવાની કે ઈમરજન્સી પરિસ્થિતિ સર્જાય છે, ત્યારે રસ્તાઓ પરના દબાણ અને બ્લોકેજના કારણે ફાયર બ્રિગેડની ટીમોને ઘટના સ્થળે પહોંચવામાં ભારે મુસીબતનો સામનો કરવો પડે છે.

સરીગામ જીઆઈડીસીના અધિકારીઓ અને ફેક્ટરી ઈન્સ્પેક્ટર વ્યાવહારિક અભિગમ અપનાવીને ઉદ્યોગોને સહકાર આપતા હોય છે, પરંતુ કેટલીક બદમાશ કંપનીઓ આ છૂટછાટનો ગેરલાભ ઉઠાવી સરેઆમ કાયદાના ધજાગરા ઉડાવી રહી છે. આ પ્રકારના એકમો જીઆઈડીસી દ્વારા અમલમાં મુકાયેલી 'ઈમ્પેક્ટ ફી' નીતિના નિયમોને પણ માનવા તૈયાર નથી.

આગામી સમયમાં કોઈ ગંભીર હોનારત સર્જાય તે પહેલાં જવાબદાર વિભાગો દ્વારા તાત્કાલિક ધોરણે સ્થળ નિરીક્ષણ કરવામાં આવે અને કાયદાનું ઉલ્લંઘન કરનારા આવા એકમો સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે તેવી સ્થાનિકો અને અન્ય ઉદ્યોગકારોમાં પ્રબળ માંગ ઉઠી છે.

## પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે

# નાણામંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં પારડીના સ્વાધ્યાય મંડળ અને સંસ્કૃત મહાવિદ્યાલયમાં ભવ્ય ગણેશયાગ યોજાયો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૧૮**

ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે ગુજરાત સરકારના નાણા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ અને વલસાડ-ડાંગ લોકસભાના સાંસદ શ્રી ધવલભાઈ પટેલની ઉપસ્થિતિમાં સ્વાધ્યાય મંડળ અને શ્રી બ્રહ્મર્ષિ સાતવળેકર સંસ્કૃત મહાવિદ્યાલય, પારડી ખાતે શ્રદ્ધા, વૈદિક પરંપરા અને રાષ્ટ્રભાવનાના પાવન સંગમ સમાન ભવ્ય ગણેશયાગનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભારતીય સંસ્કૃતિમાં ભગવાન શ્રી ગણેશજીને વિઘ્નહર્તા અને મંગલમૂર્તિ તરીકે પૂજવામાં આવે છે. આ પાવન અવસરે ઋષિકુમારો તથા ઉપસ્થિત શુભેચ્છકો દ્વારા ૧૦૦૦ અથર્વશીર્ષ સ્તોત્રના પઠન સાથે ૧૦૦૦ મોદકની આહુતિ વૈદિક મંત્રોચ્ચાર અને ધાર્મિક વિધિપૂર્વક અર્પણ કરવામાં આવી હતી. આ ગણેશયાગમાં રાષ્ટ્રની અખંડ એકતા, શાંતિ, સમૃદ્ધિ, જનકલ્યાણ, ભારતની અવિરત પ્રગતિ અને વૈશ્વિક ક્ષેત્રે ભારતની વધતી પ્રતિષ્ઠા માટે મંગલ પ્રાર્થના કરવામાં આવી હતી. સાથે જ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને દીર્ઘાયુષ્ય પ્રાપ્ત થાય અને તેઓ સતત રાષ્ટ્રસેવા માટે કાર્યરત રહે તેવી શુભકામનાઓ સાથે વૈદિક પરંપરા મુજબ મંગલકામના કરવામાં આવી હતી. ગણેશયાગ દરમિયાન ગુંજતા વૈદિક મંત્રોચ્ચાર, અથર્વશીર્ષના પવિત્ર પાઠ અને મોદકની આહુતિથી સમગ્ર વાતાવરણ ભક્તિમય તથા ઊર્જાસભર બની ગયું હતું.



આ પ્રસંગે ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, જિલ્લા સંગઠન પ્રમુખ હેમંતભાઈ કંસારા, મહામંત્રી કમલેશભાઈ પટેલ, નિખીલભાઈ ચોકસી સહિત જિલ્લાના આગેવાનો, કાર્યકરો, ઋષિકુમારો તથા મોટી સંખ્યામાં શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા.

# વાપી આર. કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસમાં એમ.બી.એ. કોલેજનું ભવ્ય ઉદ્‌ઘાટન કરાયું



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૮**

આર. કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસમાં એમ.બી.એ. કોલેજનું ઉદ્‌ઘાટન પ્રસંગે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મહાનુભાવો, શિક્ષણવિદો, કોલેજના સંચાલક મંડળના સભ્યો, આચાર્યશ્રીઓ, પ્રાધ્યાપકો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય તથા ગણેશ વંદના સાક્ષી સિંઘ (ટી.વાય. બી.સી.એ.)ની વિદ્યાર્થીની દ્વારા કરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ નવી શૈક્ષણિક સંસ્થાની શરૂઆતને આવકારતાં વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ સાથે વ્યવહારુ જ્ઞાન, નેતૃત્વ કૌશલ્ય અને વ્યવસ્થાપન ક્ષેત્રે નવી તકો પ્રાપ્ત થાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે કેમ્પસ ડાયરેક્ટર ડૉ. મિત્તલ શાહ તથા કોમર્સ અને મેનેજમેન્ટ વિભાગના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. શીતલ ગાંધી સરએ જણાવ્યું હતું કે, આજના સ્પર્ધાત્મક યુગમાં મેનેજમેન્ટ શિક્ષણનું વિશેષ મહત્વ છે. વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતા, નેતૃત્વ, સંચાર કૌશલ્ય તથા નિર્ણય લેવાની ક્ષમતા વિકસાવવી સમયની માંગ છે. આર. કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસમાં એમ.બી.એ. કોલેજ આ દિશામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

કાર્યક્રમના અંતે આચાર્ય ડૉ. પ્રીતિ ચૌહાણે દ્વારા ઉપસ્થિત મહેમાનો, પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ તથા આયોજકોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. અભિષેક પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સુંદર આયોજન કરવા બદલ સંસ્થાના ચેરમેનશ્રી મિલન દેસાઈ તથા કેમ્પસ ડાયરેક્ટર ડૉ. મિત્તલ શાહે અભિનંદન પાઠવ્યા હતા.

# ચીખલીના રેઠવાણિયા ગામે વડાપ્રધાન મોદીના જન્મદિવસે દીપોત્સવ અને મહાઆરતી યોજાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૧૮**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે ચીખલી તાલુકામાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેના ભાગરૂપે રેઠવાણીયા ગામે અંબા માતાના મંદિરમાં ૧૧૧ દીવા પ્રગટાવી તથા મહાઆરતીનું આયોજન કરી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં ગામના સરપંચ શ્રી ગીરીશભાઈ પટેલ તેમજ કાર્યકર્તાઓ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત મંદિર પરિસરમાં દીવા પ્રગટાવવાથી કરાઈ હતી. દીવડાઓ પ્રગટાવતા સમગ્ર મંદિર પરિસર દીપમાળાથી ઝળહળી ઉઠ્યું હતું અને ધાર્મિક માહોલ સર્જાયો હતો.

આ પ્રસંગે દેશના વિકાસ, પ્રગતિ અને સુખ શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. આ સાથે જ વડાપ્રધાનના દીર્ઘાયુ અને સારા સ્વાસ્થ્ય માટે વિશેષ મહાઆરતી યોજાઈ હતી. ઉપસ્થિત કાર્યકર્તાઓ અને આગેવાનોએ ભક્તિપૂર્વક મહાઆરતીમાં ભાગ લીધો હતો. મંદિર પરિસરમાં દીપ પ્રાગટ્ય અને મહાઆરતી દરમિયાન ભક્તિમય વાતાવરણ જોવા મળ્યું હતું.

## નવસારી જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ

# વાંસદા હનુમાનબારી ખાતે આવેલી સસ્તા અનાજની દુકાનોમાં આકસ્મિક ચેકીંગ હાથ ધરાયું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી (વંકાલ), તા.૧૮**

નવસારી જિલ્લા કલેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ નવસારી જિલ્લામાં વાજબી ભાવની દુકાનો દ્વારા જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અગ્રતા ધરાવતાં કુટુંબોને કરવામાં આવતા વિતરણ સંદર્ભે કુલ ૭ ટીમોની રચના કરી ૭ વાજબી ભાવની દુકાનો પર તા.૧૧/૦૯/૨૦૨૬નાં રોજ આકસ્મિક રેડ કરવામાં આવી હતી. જે અન્વયે નવસારી (ગ્રામ્ય) તાલુકાની સિસોદ્રા (ગણેશ) વાજબી ભાવની દુકાન પર ઘઉં ૧૮૩૭.૫૦૦ કિગ્રા, ચોખા ૪૭૭ કિગ્રા તથા બાજરી ૧૨૬૭ કિગ્રા ઘટ હોવાનું જણાયું હતું. અન્ય તાલુકામાં પણ વાજબી ભાવની દુકાનોમાં રાખવાની થતી અન્ય તકેદારી બાબતે અમલવારી થતી



ન હોવાનું જણાયું હતું.

આ ઉપરાંત તા.૨૭/૦૮/૨૦૨૬નાં રોજ મામલતદારશ્રી, વાંસદાને મળેલી ફરિયાદ અન્વયે વાંસદા તાલુકાની હનુમાનબારી ખાતે આવેલ વાજબી ભાવની દુકાનની તપાસણી કરવામાં આવતા તપાસણી દરમ્યાન ઘઉં ૩૧૦૪ કિગ્રા, ચોખા ૪૨૯૮ કિગ્રા, ખાંડ ૭૦૬ કિગ્રા, તુવેર દાળ ૧૯૨ કિગ્રા તથા ચણા ૬૪૭ કિગ્રા ઘટ જણાઈ હતી. જે બાબતની ગંભીરતાથી લઈ સંબંધિત વાજબી ભાવની દુકાનના સંચાલકોને નોટીસ ફટકારવામાં આવી હતી. આગામી સમયમાં તેઓની સામે નિયમોનુસાર દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

# વાપીની એલ.જી. હરિયા સ્કૂલના બે વિદ્યાર્થીઓની આઈઆઈટી પસંદગી




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૮**

વાપી શ્રી એલ.જી.હરિયા સ્કૂલના ૨૦૨૬ બેચના વિદ્યાર્થી મિશાલ રાયે આઈ.આઈ.ટી. કોટામાં પ્રવેશ મેળવી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માસ્ટર મિશાલ રાય અને વૈંકટેસ પગારે એમની ઉત્તમ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે.

શાળા પરિવારે અત્યંત ગર્વ અને હર્ષ સાથે જણાવ્યું છે કે, ૨૦૨૬ના બેચમાં મિશાલ રાયે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એન્ડ ડેટા એન્જિનિયરિંગમાં અને વૈંકટેસ પગારે ડેટા સાયન્સ એનાલિસ્ટિક્સમાં આઈઆઈટી ખાતે પ્રવેશ મેળવ્યો છે. તેમની આ સફળતા એ તેમના માતા-પિતા અને સમગ્ર હરિયા પરિવારને ગૌરવની અનુભૂતિ કરાવી છે.

શાળા પરિવારે શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, નિયમિતતા સાથે સખત પરિશ્રમ કરતા રહો આકાશ જ તમારી સીમા છે. તમારા ઉજવળ ભવિષ્ય માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ, શ્રી કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ચેરમેન શ્રી એ.કે.શાહ અને મેનેજિંગ ટ્રસ્ટીસ શ્રી બિમલ હરિયા અને શાળાના આચાર્ય શ્રીમતી બીન્ની પોલ તથા સ્ટાફ તરફથી અભિનંદન અને આશીર્વાદ પાઠવવામાં આવ્યા છે.

# દાનહ સર્વ આદિવાસી સમાજ દ્વારા પંચાયત સ્તરે ઘર નોંધણીની સુવિધા ઉપલબ્ધ કરાવવા રજૂઆત કરાઈ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૮**

દાનહ સર્વ આદિવાસી સમાજ દ્વારા દ્વારા પંચાયત સ્તરે ઘરની નોંધણીની સુવિધા ઉપલબ્ધ કરાવવા ખાનવેલ પંચાયતમાં રજુઆત કરવામા આવી હતી.

ઘણા વર્ષોથી ઘર નંબર નોંધાતા નથી જે માટે સર્વ આદિવાસી સમાજ દ્વારા નવા ઘરની નોંધણી માટે ખાનવેલ ગ્રામ પંચાયતના સરપંચને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં જણાવ્યા અનુસાર ખાનવેલ પંચાયતના વતનીઓ ગામમાં ઘણા ઘરો બાંધી રહ્યા છે અને અને તેમની નોંધણી હાઉસ નંબર/પ્રોપર્ટી નંબર કરાવવાની જરૂર છે.

અત્યારે આ સુવિધા પંચાયત સ્તરે ઉપલબ્ધ ના હોવાને કારણે અમારે ઉપલા સ્તરની કચેરીઓમા વારંવાર જવું પડે છે. જેમાં સમય, પૈસા અને મહેનતનો વ્યય થાય છે. મોટાભાગે ગરીબ અને અભણ આદિવાસી સમાજના લોકો સમસ્યાનો ભોગ બની રહ્યા છે. તેથી જો પંચાયત સ્તરે જ નવા ઘરની નોંધણીની સુવિધા શરૂ



કરવામાં આવે તો તેનો લાભ પંચાયત વિસ્તારના તમામ નાગરિકોને ખુબ જ સરળતાથી અને પારદર્શકતા પૂર્વક મળશે.

સર્વ આદિવાસી સમાજ દ્વારા ઉપરોક્ત સમસ્યાને ધ્યાનમાં રાખી પંચાયત સ્તરે નવા ઘરની નોંધણીની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે ઘટતું કરવા માંગ કરી છે.

# પારડી નગરપાલિકા દ્વારા 'સ્વચ્છતા સેવા સંકલ્પ' કાર્યક્રમ અંતર્ગત સફાઈ ઝુંબેશનું આયોજન




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૧૮**

સરકારશ્રી દ્વારા ચાલી રહેલ 'સ્વચ્છતા સેવા સંકલ્પ' કાર્યક્રમ હેઠળ પારડી નગરપાલિકાના આરોગ્ય ચેરમેન શ્રી કિરણભાઈ દ્વારા પારડી નગરપાલિકા વિસ્તારના પારડી ચાર રસ્તા બ્રિજ નીચે, વલસાડ ઝાંપા ગૌરવ પથ ગેટ પાસે, જુના બસ સ્ટેન્ડ બિરસા મુંડા સર્કલ પાસે તેમજ દમણીઝાંપા વિસ્તારમાં સઘન સફાઈ ઝુંબેશ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

આ સફાઈ અભિયાન અંતર્ગત ઉપસ્થિત નગરપાલિકાના સદસ્યો કર્મચારીઓ તથા સફાઈ કર્મચારીઓએ સ્વચ્છતા અંગેના શપથ પણ લીધા હતા.

સાથે સાથે સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા અને કાપડની થેલીનો વપરાશ કરવાની વેપારીઓ તથા લારી વાળાઓને પારડી નગરપાલિકા ચીફ ઓફિસર શ્રીમતી કોમલબેન ધીનૈયા, સીટી મેનેજર શ્રીમતી ભૂમિબેન તથા સુપરવાઈઝર શ્રી પંકજ ગરાણીયા દ્વારા સમજ આપવામાં આવી હતી.

આ સફાઈ અભિયાન કાર્યક્રમમાં પારડી નગરપાલિકા આરોગ્ય ચેરમેન શ્રી કિરણભાઈ પટેલ, પારડી નગરપાલિકા સદસ્ય શ્રી શિરીષભાઈ પટેલ, શ્રી જીગ્નેશભાઈ માંગેલા, શ્રીમતી ભૂમિબેન પારેખ, વીજળી ચેરમેન શ્રીમતી ઉષાબેન યોગેશભાઈ પટેલ, પારડી શહેર ભાજપ મહામંત્રી શ્રી ઝૂબિનભાઈ દેસાઈ, પારડી શહેર ભાજપ યુવા પ્રમુખ શ્રી મેહુલભાઈ ભરવાડ, વલસાડ જિલ્લા બક્ષીપંચ મોરચા ઉપપ્રમુખ શ્રી ચાર્લીશભાઈ ભંડારી, પાલિકા કર્મચારીઓ, સફાઈ કર્મચારીઓ સહિત ભાજપ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

**દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવનું યુટી એડમિનિસ્ટ્રેશન**

સરકારી નર્સિંગ કોલેજ, દમણ
જૂની જી.એચ.એસ. (E/M) સ્કૂલ, જેટી ગાર્ડન પાસે, જૈન સ્ટ્રીટ,
નાની દમણ – ૩૯૬૨૧૦

**પ્રવેશ સૂચના**

NAMO મેડિકલ એજ્યુકેશન હેઠળ અંડરગ્રેજ્યુએટ કોર્સ 7 રિસર્ચ સોસાયટી, સિલવાસા

શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટે NAMO કોલેજ ઓફ નર્સિંગ, સિલ્વાસા (અગાઉ શ્રી વિનોબા ભાવે કોલેજ ઓફ નર્સિંગ, સિલ્વાસા તરીકે ઓળખાતી), NAMO કોલેજ ઓફ નર્સિંગ, દમણ (અગાઉ ગવર્નમેન્ટ કોલેજ ઓફ નર્સિંગ, દમણ તરીકે ઓળખાતી) અને NAMO કોલેજ ઓફ એલાઇડ હેલ્થ સાયન્સીસ, સિલ્વાસા (અગાઉ શ્રી વિનોબા ભાવે ઇન્સ્ટિટ્યૂટ ઓફ એલાઇડ હેલ્થ સાયન્સીસ, સિલ્વાસા તરીકે ઓળખાતી) ખાતે અંડરગ્રેજ્યુએટ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે લાયક ઉમેદવારો (વિજ્ઞાન વિષયો સાથે ૧૦+૨ પાસ) પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

અંડરગ્રેજ્યુએટ અભ્યાસક્રમ માટેના અરજી ફોર્મ ૧૭/૦૯/૨૦૨૬ થી ૨૦/૦૯/૨૦૨૬ સુધી ઉપલબ્ધ રહેશે. અરજી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૦/૦૯/૨૦૨૬ ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યા સુધીની છે.

No.-DMHS/CON/Admission/2026/739
Date: 17/09/2026

For details, please scan
official website https://ddd.gov.in, https://dn.onlineregistrationforms.com/

સરકારી નર્સિંગ કોલેજ, દમણ
જૂની જી.એચ.એસ. (E/M) સ્કૂલ, જેટી ગાર્ડન પાસે, જૈન સ્ટ્રીટ, નાની દમણ - ૩૯૬૨૧૦

No. IP/DMN/2/5/2026-27/507, Dated: 18/09/2026

**U.T. ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

Department of Women and child Development

**NOTICE INVITING TENDER**

Supply of Nutritious Laddoos/Burfi (Slices) for Anganwadi Centers situated in Dadra & Nagar Haveli and Daman & Diu District for the year 2026-2027 & 2027-28

For details please scan
dnhtenders.nic.in
nnmdnh@gmail.com

Tender No. : 2026_UTDNH_8256_1
Last date of download : - 28-Sept-2026
Last date of online submission : 28-Sept-2026

Dy. Secretary social welfare, Fort Area, Daman Court campus, Daman,396220

Outward No:- DNH-DD/AWC Procurement/2025-2026/329 Date: 18/09/2026

No: IP/DMN/2/5/2026-27/508
Dated: 18-09-2026

CDPO
DNH

**TORRENT POWER | DNHDD**

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો સવારના ૭:૦૦ થી રાત્રે ૧૧:૦૦ સુધી બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૨૧/૦૯/૨૦૨૬ સોમવાર | વાઘધારા | ૬૬/૧૧ કેવી ૩૧.૫ MVA પાવર ટ્રાન્સફોર્મર નં.૨ | ઝીરો ટેક્સ વિસ્તાર, ચેક પોસ્ટ વિસ્તાર, મ્યુચ્યુઅલ ઈન્ડ. વિસ્તાર, પાર્થ આઈ.ઈ. વિસ્તાર, ડુગ્ગર ચેક પોસ્ટ, વાઘધારા ગામ, તિઘરા ગામ, બાવીસા ફળિયા, હોટેલ એક્સેલન્સી વિસ્તાર, હોટેલ લેક વ્યૂ વિસ્તાર, આનંદ સ્કૂલ વિસ્તાર, ડોર્ફ કેટલ વિસ્તાર, લિસા ઈન્ડ. વિસ્તાર, નોવા-૨, પાર્થ ઈન્ફ્રા **એક્સપ્રેસ ફીડરઃ** નેશનલ ફાઈબર 3D ટેક્નોપેક |

**અસુવિધા બદલ દિલગીર છીએ.**

**વીજ ચોરી !! જેલની સજા.** (ભારતીય વીજળી અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૧૩૫ હેઠળ)

જે કોઈ પણ અપ્રમાણિક રીતે અનધિકૃત જોડાણો, મીટરમાં ચેડાં અથવા અનધિકૃત હેતુઓ માટે વીજળીનો ઉપયોગ કરે છે તો તેને ત્રણ વર્ષ સુધીની કેદ, દંડ અથવા બંને સજા થઈ શકે છે. કાનૂની પગલાંઓથી બચવા ગેરકાયદેસર વીજજોડાણ વાપરવાથી દૂર રહો.

**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

**વર્તમાન પ્રવાહ** વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

**Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)**

# દાનહમાં ગણેશોત્સવનો પાંચમો દિવસઃ દમણગંગા નદી કિનારે બનાવાયેલ કુત્રિમ તળાવમાં ગણપતિની મૂર્તિઓનું વિસર્જન કરાયું





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૮**

દાદરા નગર હવેલીના સેલવાસ, રખોલી, ખાનવેલ, નરોલી, દાદરા વિસ્તારમાં સ્થાપિત ગણેશ મૂર્તિઓનું દમણગંગા નદી કિનારે વિસર્જન કરવામાં આવ્યું હતું.

જેમા દાદરા નગર હવેલીના પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત રાખવામા આવ્યો હતો. વિસર્જન યાત્રા દરમિયાન કોઈને અગવડ ના પડે તેના માટે દાદરા નગર હવેલીના પોલીસ દ્વારા વિવિધ સ્થળો પર પોલીસ બંદોબસ્ત ગોઠવવામા આવ્યો હતો. જેની સાથે મેડીકલ ટીમ અને ફાયર વિભાગની ટીમ ખડે પગે હાજર રહી હતી.

મોટી સંખ્યામાં ગણેશ મૂર્તિઓનું વિસર્જન દમણગંગા નદી કિનારે બનાવવામાં આવેલ કુત્રિમ તળાવમાં કરવામાં આવ્યું હતું.

# ભિલાડ-સંજાણ રોડ ઉપર રાત્રે ગોઝારો અકસ્માત : કાર ઝાડ સાથે ભટકાઈ; અકસ્માતમાં ત્રણના ઘટના સ્થળે મોત, બે ઘાયલ




**અર્જુન શાહ, નરેન્દ્ર રાઠોડ, બાલારામ ઉર્ફે કિશન મેઘવાલ નામના ત્રણ યુવાનના કમકમાટી ભર્યા મોત નિપજ્યા**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૮**

વાપીથી મધરાતે ત્રણ વાગ્યાના સુમારે ઉમરગામ જવા સ્વિફ્ટ કારમાં નિકળેલા પાંચ મિત્રોની કાર અંધારામાં ઝાડ સાથે ધડાકાભેર અથડાતા ગોઝારો અકસ્માત સર્જાયો હતો. અથડાયા બાદ કાર બે ત્રણ પલટી મારી જતા કાર સવાર પાંચ યુવાન પૈકી ત્રણના કમકમાટી ભર્યા મોત નિપજ્યા હતા. જ્યારે ગંભીર રીતે ઘાયલ થયેલા બે યુવાનોને પોલીસે વલસાડ સારવાર માટે ખસેડાયા હતા.

વાપીથી સ્વિફ્ટ કાર નં.જીજે-૦૨ બી.પી.૭૫૨૦માં પાંચ મિત્રો રાત્રે બે થી ત્રણના સુમારે સવાર થઈને નિકળ્યા હતા. કાર ભિલાડ છોડ્યા પછી સંજાણ તરફ ઘિસા કાકરીયા પહોંચી હશે. ત્યારે ચાલક યુવાને અંધારામાં સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર ઝાડ સાથે ધડાકાભેર ભટકાઈ હતી. અકસ્માતમાં કાર બે થી ત્રણ પલટી મારી જતા કારનો ખુડદો બોલાઈ ગયો હતો. જેમાં કારમાં દબાઈ ગયેલા અર્જુન શાહ, નરેન્દ્ર રાઠોડ અને બાલારામ ઉર્ફે કિશન મેઘવાલ નામના ત્રણ યુવાનોનું ઘટના સ્થળે જ કાળજું કંપાવી દે એવા કરૂણ મોત થયા હતા. જ્યારે અન્ય યુવાન ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘટનાની જાણ થતા ભિલાડ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી.

ઘાયલ બે યુવાનોને તાત્કાલિક સારવાર માટે વલસાડ ખસેડ્યા હતા. મૃતકોમાં અર્જુન શાહ રહે.રિદ્ધિ સિદ્ધિ એપાર્ટમેન્ટ ઉમરગામ, નરેન્દ્ર રાઠોડ રહે. શિવમ વિહાર અને બાલારામ ઉર્ફે કિશન મેઘવાલ રહે. ઉમરગામનો સમાવેશ થાય છે. તમામ રાજસ્થાન મારવાડી સમાજના હોવાનું જાણવા મળેલ છે.

# નાનાપોંઢામાં ચોરટાઓએ ચાર દુકાનોને નિશાન બનાવી શટર તોડી ચોરીનો પ્રયાસ કર્યો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૮**

છેલ્લા અઠવાડિયાથી વરસાદ પડી રહ્યો છે. તેથી ચોરટાઓની સિઝન ખુલી હોય તેવો બનાવ નાનાપોંઢામાં બન્યો છે. એક જ રાતમાં ચોરટાઓએ ચાર ઉપરાંત દુકાનોના શટર તોડીને ચોરી કરવાનો પ્રયાસ કર્યો છે.

નાનાપોંઢામાં વિતેલી રાત્રિએ વરસાદી વાતાવરણમાં તક લઈ એક કોમ્પલેક્સને નિશાન બનાવ્યું હતું. ચાર ઉપરાંત દુકાનોના શટર તોડી ચોરી કર્યાનો પ્રયાસ કર્યો હતો. જોકે વિવિધ દુકાનોમાંથી કેટલી મત્તા ચોરાઈ છે. તેની વિગતો પોલીસ ફરીયાદ બાદ બહાર આવશે. પરંતુ ચાર ઉપરાંત દુકાનોના સાગમટે શટર તૂટતા વેપારી આલમમાં ભયનો માહોલ છવાઈ ગયો છે. વેપારીઓ દ્વારા પોલીસે રાત્રિ પેટ્રોલીંગ વધારવાની માંગ ઉઠી છે.

# ડાભેલના સરપંચ હેમાક્ષીબેન કનુભાઈ પટેલે ગ્રામ પંચાયત ખાતે ૫૧ દીપ પ્રાગટ્ય સાથે પ્રધાનમંત્રીના જન્મદિનની કરેલી ઉજવણી




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૮**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે ૧૭મી સપ્ટેમ્બરે ડાભેલ ગ્રામ પંચાયત ખાતે ૫૧ દીપ પ્રાગટ્ય કરી જન્મદિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ડાભેલ ગ્રામ પંચાયતનાં સરપંચ શ્રીમતી હેમાક્ષીબેન કનુભાઈ પટેલ, જિલ્લા પંચાયત સભ્ય તોરલબેન પટેલ, તથા પંચાયતનાં સભ્યશ્રી કરિશ્માબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રધાનમંત્રીશ્રીના જન્મદિન નિમિત્તે સૌએ શુભેચ્છાઓ પાઠવી દેશની પ્રગતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

# વલસાડ એલસીબીએ બે મોબાઈલ સ્નેચરને ઝડપી પાડ્યાઃ ૮ મોબાઈલ, મોપેડ સાથે ૧.૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૮**

વાપી વિસ્તારમાં મોબાઈલ સ્નેચિંગના બનાવો વધી રહ્યા હોવાથી પોલીસ એક્શન મોડમાં આવી ગઈ છે. એલ.સી.બી.એ બે મોબાઈલ સ્નેચીંગના આરોપીઓને ઝડપી પાડી જેલ ભેગા કર્યા છે.

વાપીમાં એલ.સી.બી. પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન મોટર સાયકલ પર આવી રસ્તામાં જાહેર રોડ ઉપર મોબાઈલથી વાતચિત કરતા ઈસમો પાસેથી મોબાઈલ ઝૂટવી ફરાર થતાં તત્વો જેને પકડવા માટે પોલીસ એક્ટીવ થઈ હતી. ત્યારે બે મોબાઈલ સ્નેચીંગ કરતા આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

પોલીસે હાથ ધરેલી કડક કાર્યવાહીમાં આરોપી ૮ મોબાઈલ ઝૂટવ્યા હોવાથી કબુલાત કરી હતી. રિકવર કરાયેલ ૮ મોબાઈલ અને મોપેડ મળીને પોલીસે ૧.૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# રાતાની સારસ્વત સ્કૂલના સ્થાપક અપૂર્વ પાઠકનું દુઃખદ નિધનઃ વલસાડ જિલ્લાના શિક્ષણ જગતમાં શોકનું મોજુ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૮**

વાપી નજીક આવેલા રાતા સ્થિત 'સારસ્વત ઈન્ટરનેશનલ એકેડમી સ્કૂલ'ના ફાઉન્ડર અને જાણીતા કેળવણીકાર અપૂર્વ કિશોરભાઈ પાઠકનું ૫૮ વર્ષની વયે આકસ્મિક નિધન થતાં શિક્ષણ જગત સહિત સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે.

મળતી માહિતી મુજબ, તા.૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ મોડી રાત્રે તેમનું દુઃખદ અવસાન થયું હતું. સવારે આ સમાચાર-સંગ્રહિત થતાં જ વલસાડ જિલ્લાના શિક્ષણ સાથે જોડાયેલા અગ્રણીઓ, સ્નેહીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી. અપૂર્વભાઈ વલસાડ જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પાયાના સ્થાપકોમાંના એક હતા તેમજ સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળ ગુજરાતના દક્ષિણ ઝોનના ઉપપ્રમુખ તરીકે પણ સક્રિય સેવાઓ આપી રહ્યા હતા. રાતાની સારસ્વત સ્કૂલ ઉપરાંત તેઓ મગોદની 'વેદાંત મલ્ટીપર્પઝ સ્કૂલ' સાથે પણ સંકળાયેલા હતા. પોતાના હસમુખા, મિલનસાર અને પરગજુ સ્વભાવના કારણે તેઓ વિદ્યાર્થીઓમાં અત્યંત લોકપ્રિય હતા. તેમની ચિર વિદાયથી શિક્ષણ ક્ષેત્રને ક્યારેય ન પુરાય તેવી મોટી ખોટ પડી છે.

# કાવ્યાનુભૂતિ



**પદ્માક્ષીબેન મનિષભાઈ પટેલ (પ્રાંજલ)**
વ્યવસાયઃ પ્રાથમિક શિક્ષક, પારડી કન્યાશાળા નં-૧,
કિલ્લાઃ પારડી જિ વલસાડ
અભ્યાસ : પી.ટી.સી., એમ.એ બી.એડ.

## લઈને આવે

*એ આવે ને ઉમંગ લઈને આવે*
*જોમ ને જુસ્સો લઈને આવે*
*આનંદ આનંદ હવાના તરંગોમાં પ્રસરે*
*એ ભાવ ને ભક્તિ લઈને આવે.*

*એ રિદ્ધિ-સિદ્ધિ લઈને આવે*
*સમજણ બુદ્ધિ લઈને આવે*
*બળ નહીં કળનો મહિમા સમજાવે*
*એ સ્નેહને સિદ્ધિ લઈને આવે.*

*પ્રથમ પૂજાતા દેવ ગણેશા હોંશે આવે*
*ગણના પતિ ગણની શક્તિ બતાવે*
*માતા-પિતા સર્વ તીર્થ સમા દર્શાવે*
*પાશ-અંકુશ શક્તિ સંગે લઈને આવે*

*વિઘ્નો સઘળાં તન-મનના દૂર ભગાવે*
*મોદક ભીતરના મર્મને મમળાવે*
*વાહન જેનું ફૂંકીને કરડાય એ બતાવે*
*એ જ્ઞાનની જયોતિ લઈને આવે*

*સ્થાપન-ઉત્થાપનના સત્યને ભણાવે*
*દ્વૈત-અદ્વૈતનો આ મહિમા જણાવે*
*જેનું સર્જનનું એનું થાય વિસર્જન એ દર્શાવે*
*જે અનંતમાં તેને અંતરમાં એ લઈને આવે.*

આ સુંદર કાવ્યમાં ગણેશજીના આગમનને માત્ર ઉત્સવ તરીકે નહીં, પરંતુ આનંદ, ભક્તિ, બુદ્ધિ, જ્ઞાન, સ્નેહ અને જીવનદર્શનના આગમન તરીકે રજૂ કરવામાં આવ્યું છે. ખાસ કરીને અંતિમ પંક્તિઓમાં સર્જન-વિસર્જન દ્વારા અનિત્યતા અને અનંત તત્ત્વનો સુંદર આધ્યાક સંદેશ મળે છે.

કવિ કહે છે કે, જયારે ગણેશજી આવે છે ત્યારે તેમની સાથે ઉમંગ, જોમ અને જુસ્સો પણ આવે છે. તેમના આગમનથી વાતાવરણમાં આનંદના તરંગો પ્રસરી જાય છે અને દરેકના હૃદયમાંભાવ અને ભક્તિજાગૃત થાય છે. ગણેશજીનું આગમન મનમાં નવી ઊર્જા અને સકારાત્મકતાનો સંચાર કરે છે.

ગણેશજી સાથે રિદ્ધિ-સિદ્ધિ અને સમજણ-બુદ્ધિ આવે છે. તેઓ આપણને સમજાવે છે કે જીવનમાં માત્ર બળથી નહીં, પરંતુ કળા, બુદ્ધિ અને વિવેકથી કાર્ય સિદ્ધ થાય છે. સાચી સિદ્ધિ માટે સ્નેહ, સમજણ અને બુદ્ધિ જરૂરી છે.

ગણેશજી પ્રથમ પૂજાતા દેવ છે. તેમના આગમનમાં એક ઊંડો સંદેશ રહેલો છે—તેઓ 'ગણના પતિ' એટલે કે ગણોના સ્વામી છે અને આપણને સંગઠન તથા સમૂહશક્તિનું મહત્ત્વ સમજાવે છે. સાથે જ તેઓ પોતાના માતા-પિતા શિવ અને પાર્વતીને સર્વ તીર્થ સમાન માનીને માતા-પિતાની સેવા અને મહત્ત્વનો આદર્શ આપે છે. તેમના હાથમાં રહેલું પાશ અને અંકુશ જીવનમાં આશક્તિઓ અને અયોગ્ય વૃત્તિઓને નિયંત્રિત કરવાની શક્તિનું પ્રતીક બને છે.

ગણેશજી આપણાતન અને મનનાં વિઘ્નો દૂર કરે છે. અહીં 'વિઘ્ન'નો અર્થ માત્ર બાહ્ય મુશ્કેલીઓ નહીં, પરંતુ મનના ભય, અજ્ઞાન, અહંકાર અને નકારાત્મક વિચારો પણ છે. તેમના હાથનો મોદક માત્ર પ્રસાદ નથી; તે અંતરના મર્મ અને જ્ઞાનથી મળતા આનંદનું પ્રતીક બની જાય છે.

ગણેશજીનું વાહન મૂષક છે. નાનકડું મૂષક પણ પોતાની વિશેષતા ધરાવે છે. કવિ તેના માધ્યમથી આપણને સૂચવે છે કે જીવનમાં નાનું ગણાતુ તત્ત્વ પણ પોતાની શક્તિ અને સ્વભાવ ધરાવે છે. ગણેશજીનું મૂષક પર આરોહણ એ ઈન્દ્રિયો અને ચંચળ વૃત્તિઓ પર નિયંત્રણનો સંકેત પણ આપે છે. આ રીતે ગણેશજી જ્ઞાનની જ્યોત પ્રગટાવે છે.

કાવ્યનો સૌથી ગહન આધ્યાત્મિક ભાવ અંતિમ કડીમાં વ્યક્ત થાય છે. સ્થાપન અને ઉત્થાપન આપણને જીવનનું સત્ય શીખવે છે. જેનું સર્જન થાય છે તેનું એક દિવસ વિસર્જન પણ થાય છે. ગણેશોત્સવનું સ્થાપન અને વિસર્જન આપણને અનિત્યતાનો બોધ કરાવે છે.

'દ્વૈત-અદ્વૈત' દ્વારા કવિ અસ્તિત્વના ઊંડા તત્ત્વ તરફ લઈ જાય છે. બહારથી મૂર્તિ અલગ દેખાય છે, પરંતુ અંતે એ જ તત્ત્વ આપણા અંતરમાં વસે છે. ગણેશજીની મૂર્તિનું વિસર્જન થાય છે, પરંતુ ગણેશતત્ત્વનો અંત થતો નથી.

'જેનું સર્જન એનું થાય વિસર્જન
જે અનંતમાં તેને અંતરમાં એ લઈને આવે.'


આ પક્તિઓ આખા કાવ્યનો આધ્યાત્મિક સાર છે. ગણેશજી બહારથી આવે છે અને વિસર્જન પછી બહારથી વિદાય લે છે, પરંતુ તેમની પાસેથી મળેલું જ્ઞાન, બુદ્ધિ, ભક્તિ, સ્નેહ, સમજણ અને સંસ્કાર આપણા અંતરમાં રહી જાય છે.

અટલે આ કાવ્યમાં ગણેશજીનું આગમન એટલે આનંદ સાથે જ્ઞાનનું આગમન,અને વિસર્જન એટલે મૂર્તિનું વિસર્જન, પરંતુ ગણેશતત્ત્વનું અંતરમાં સ્થાપન એવો સુંદર સંદેશ પ્રગટે છે.


## વાપીમાં વિવિધ સ્થળોએ સ્થાપવામાં આવેલી શ્રીજીની પ્રતિમાઓ



શિવ યુવા મંડળ રામદેવ મંદિર, વાપી



વાપી નૂતનનગર સરદાર બાગના શ્રીજી




વાપી ચલા ચા મહારાજા



સાંઈ શક્તિ મંડળ, મચ્છી માર્કેટ, વાપી.



શિવશક્તિ યુવા મંડળ, મચ્છી માર્કેટ, વાપી.